॥ શ્રી ભાતૃચંદ્રસૂરીશ્વરજી ગ્રંથમાળા ॥

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથાય નમો નમઃ

શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી સદ્ગુરૂભ્યો નમો નમઃ

# ॥ શ્રી નવસ્મરણાદિ સ્તોત્રસંગ્રહ ॥

શ્રીમન્નાગપુરીય બૃહત્ તપાગચ્છીય (શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીય)
પૂજ્યપાદ્ મહત્તરા સાધ્વીજી શ્રી ચંદનશ્રીજી મ. સા ના
સુશિષ્યા સાધ્વીજી શ્રી મહોદયશ્રીજીના સદુપદેશથી
સુશ્રાવિકા સમરતબેન ઝવેરી તરફથી ભેટ

—— ——

: સંપાદક :

**માસ્તર રામચંદ ડી. શાહ**

શ્રી. ત. અ. સાંકુભાઈ જૈન પાઠશાળા તથા
શેઠશ્રી છગલસીભાઈ જૈન શ્રાવિકા શાળાના
મુખ્ય અધ્યાપક—ખંભાત.

: પ્રકાશક :

ઝવેરી વેણીભાઈ હુકમચંદના ગંગાસ્વરૂપી
**સમરતબેન ઝવેરી—ખંભાત.**

વીર સં. ૨૪૯૩ ]     આવૃત્તિ પહેલી     [ વિ. સં. ૨૦૨૩

॥ શ્રી ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી ગ્રંથમાળા ॥

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથાય નમો નમઃ

શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી સદ્‌ગુરૂભ્યો નમો નમઃ

# ॥ શ્રી નવસ્મરણાદિ સ્તોત્રસંગ્રહ ॥

શ્રીમન્નાગપુરીય બૃહત્ તપાગચ્છીય (શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીય)

પૂજ્યપાદ્ મહત્તરા સાધ્વીજી શ્રી ચંદનશ્રીજી મ. સા.ના

સુશિષ્યા સાધ્વીજી શ્રી મહોદયશ્રીજીના સદુપદેશથી

સુશ્રાવિકા સમરતબેન ઝવેરી તરફથી ભેટ

---

: સંપાદક :

**માસ્તર રામચંદ ડી. શાહ**

શ્રી. ત. અ. સાંકુબાઇ જૈન પાઠશાળા તથા

શેઠશ્રી છગલસીભાઇ જૈન શ્રાવિકા શાળાના

મુખ્ય અધ્યાપક — **ખંભાત.**

: પ્રકાશક :

ઝવેરી વેણીભાઇ હકમચંદના ગંગાસ્વરૂપી

**સમરતબેન ઝવેરી—ખંભાત.**

વીર સં. ૨૪૯૩ ] આવૃત્તિ પહેલી [ વિ. સં. ૨૦૨૩

ગણિશ્રી જગતચંદ્ર સદ્દ્ગુરૂભ્યો નમઃ
શ્રી વૃદ્ધિચંદ્રજી સદ્દ્ગુરૂભ્યો નમઃ

## — શ્રુત દેવી-સ્તુતિ —

શ્વેતપદ્માસના દેવિ, શ્વેતપદ્મોપશોભિતા;
શ્વેતાંબરધરા દેવિ, શ્વેતગન્ધાનુલેપના ।
અર્ચિતા મુનિભિઃ સર્વૈ, ઋષિભિઃ સ્તુયતે સદા;
એવં ધ્યાત્વા સદા દેવીં, વાંછિતં લભતે નરઃ ॥ ૧ ॥

## — શ્રી સદ્દ્ગુરૂ-સ્તુતિ —

ઉદયશિખરિચંદ્રાઃ સદ્ધ્યોડભોધિ ચંદ્રાઃ
સુકૃત કુમુદચંદ્રા, ધ્વાંત વિધ્વંસ ચંદ્રાઃ
કુમત નલિની ચંદ્રાઃ, કીર્તિ વિખ્યાત ચંદ્રાઃ;
પ્રમદજનનચંદ્રાઃ, શ્રેયસે પાર્શ્વચંદ્રાઃ શ્રે-ભ્રાતૃચંદ્રાઃ
શ્રે-સાગરચંદ્રાઃ ॥

---

આ પુસ્તક છપાવવામાં પૂ. પ્રવર્તિની સા. શ્રી. ચંદનશ્રીજી મ. ના. સુ. શિષ્યા સા. શ્રી. મહોદયશ્રીજી મહારાજે ઘણો પ્રયાસ કર્યો છે. તેથી આ સ્થળે તેઓશ્રીજીનો ખાસ આભાર માનવામાં આવે છે.

લી. પ્રકાશક

મુદ્રક :
કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય
રતનપોળ, ફત્તેહભાઈની હવેલી
અમદાવાદ.

# અનુક્રમણિકા


| નંબર | | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી | વજ્રપંજર સ્તોત્ર | ૧ |
| ૧ | ,, | નવકાર મંત્ર | ૨ |
| ૨ | ,, | ઉવસગ્ગહરં સ્તવનમ્ | ૨ |
| ૩ | ,, | સંતિકરં સ્તવનમ્ | ૩ |
| ૪ | ,, | તિજયપહુત્ત સ્તોત્રમ્ | ૪ |
| ૫ | ,, | નમિઉણ સ્તોત્રમ્ | ૫ |
| ૬ | ,, | અજિતશાંતિ સ્તવનમ્ | ૭ |
| ૭ | ,, | ભક્તામર સ્તોત્રમ્ | ૧૩ |
| ૮ | ,, | કલ્યાણમંદિર સ્તોત્રમ્ | ૧૮ |
| ૯ | ,, | બૃહચ્છાંતિ સ્તોત્રમ્ | ૨૩ |
| ૧૦ | ,, | શત્રુંજય લઘુકલ્પ | ૨૭ |
| ૧૧ | ,, | જ્વાલામાલિની સ્તોત્રમ્ | ૨૯ |
| ૧૨ | ,, | શાંતિધારા પાઠ | ૩૨ |
| ૧૩ | ,, | ઉવસગ્ગહરં મહાપ્રભાવિક સ્તોત્રમ્ | ૩૬ |
| | | **શ્રી સ્તવન ઢાળ વિભાગ** | |
| ૧ | શ્રી | ચોવીશ જિનના છંદ–દુહા | ૩૯ |
| ૨ | ,, | મહાવીર સ્વામીનું પારણું | ૪૫ |
| ૨ | ,, | પારસનાથનો થાલ | ૪૭ |
| ૪ | ,, | ઋષભદેવનું પારણું | ૪૮ |
| ૫ | ,, | જિન પ્રતિમાનું સ્તવન | ૫૦ |
| ૬ | ,, | મહાવીર સ્વામીનું પારણું | ૫૧ |
| ૭ | ,, | પુંજારત્ન ઋષિનો રાસ ( ઢાળ–૩ ) | ૫૩ |
| ૮ | ,, | શાંતિનાથજીનું સ્તવન | ૫૭ |

| નંબર | | વિષય | |
|---|---|---|---|
| ૯ | શ્રી | નેમનાથનું સ્તવન | ૫૮ |
| ૧૦ | ,, | મલ્લિનાથજીનું સ્તવન | ૫૯ |
| ૧૧ | ,, | નવપદજીનું સ્તવન | ૬૦ |
| ૧૨ | ,, | ગોડી પાર્શ્વનાથનું સ્તવન | ૬૧ |
| ૧૩ | ,, | દીવાલીનું સ્તવન | ૬૨ |
| ૧૪ | ,, | સીમંધર સ્વામીનું વિનતિ રૂપ સ્તવન | ૬૩ |
| | | **શ્રી સજ્ઝાય સંગ્રહ** | |
| ૧ | ,, | શ્રી વિજયદેવસૂરિકૃત સજ્ઝાય | ૬૪ |
| ૨ | ,, | ઉપદેશની સજ્ઝાય | ૬૬ |
| ૩ | ,, | આધ્યાત્મિક સજ્ઝાય | ૬૭ |
| ૪ | ,, | ઉપદેશની સજ્ઝાય | ૬૮ |
| ૫ | ,, | આત્મા વિષે સજ્ઝાય | ૬૮ |
| ૬ | ,, | સીતાજીની સજ્ઝાય | ૬૯ |
| ૭ | ,, | ઈલાચીકુમારની સજ્ઝાય | ૭૦ |
| ૮ | ,, | કલાવતી સતીની સજ્ઝાય | ૭૧ |
| ૯ | ,, | કોણિક પુત્રની સજ્ઝાય | ૭૨ |
| ૧૦ | ,, | છત અછત બે બેનોની સજ્ઝાય | ૭૪ |
| ૧૧ | ,, | અધ્યાત્મની સજ્ઝાય | ૭૫ |
| ૧૨ | ,, | વણિક સ્વરૂપની સજ્ઝાય | ૭૫ |
| ૧૩ | ,, | મુંજી શ્રાવકની સજ્ઝાય | ૭૭ |
| ૧૪ | ,, | ફોગટનામ શ્રાવકની સજ્ઝાય | ૭૭ |
| ૧૫ | ,, | દીવાળી પર્વની સજ્ઝાય | ૭૮ |
| ૧૬ | ,, | પેટમાં રહેલા જીવની સજ્ઝાય | ૭૯ |
| ૧૭ | ,, | ઉપદેશક સજ્ઝાય | ૮૦ |

# શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર.

તેઓશ્રીનો જન્મ. વિ. સં. ૧૫૩૭માં આબુજી તીર્થ પાસે હમીરપુરમાં થયો હતો. જ્ઞાતે વીશા પોરવાડ. તેમના પિતાનું નામ વેલગશાહ અને માતાનું નામ વિમલાદે હતું. પુત્રના લક્ષણ પારણામાંથી જણાય એ કહેવત અનુસાર ઉત્તમ લક્ષણોથી વિભૂષિત હોવાથી જોનાર સહુ એમ જ કહેતા કે આ કોઈ અવતારી મહાન મહાત્મા પુરૂષ પાકશે. આ ભવિષ્ય-વાણીને સાચી કરી બતાવતા હોય તેમ તેમણે વિ. સં. ૧૫૪૯માં પરમપૂજ્ય પુણ્યાત્મા પંડિતપ્રવર શ્રી સાધુરત્ન મહર્ષિની પધરામણી હમીરપુરમાં થઈ, તેમની વૈરાગ્યવાસિની પવિત્ર વાણી સાંભળી હલુ કર્મી આત્મા વૈરાગ્ય વાસી થઇ તેમની પાસે નવ વર્ષની ઉમ્મરમાં શ્રી ભાગવતી દીક્ષા અંગી-કાર કરી હતી. પોતાની તીવ્ર બુદ્ધિ અને ગુરૂરાજની સંપૂર્ણ કૃપાને લઈને વ્યાકરણ, કોશ, કાવ્ય, છંદ, અલંકાર, ન્યાય અને ધર્મશાસ્ત્રો થોડાજ વર્ષોમાં ભણી ગણીને નિપુણ થયા અને સાથે સાથે ક્ષમા અને ગાંભીર્યાદિ ગુણો વડે શોભાયમાન થયેલા એ મહાન પુરૂષને જોઈ શ્રીમન્નાગ-પુરીયબૃહત્તપાગચ્છાધિપતિએ લાયકને લાયક પદવી આપવી જોઈએ એમ પોતાના અંતઃકરણમાં નિશ્ચય કરી અત્યંત પ્રેમથી સુત્રાનુસારે તેમને ઉપાધ્યાય પદ વિ. સં. ૧૫૫૪માં સત્તર વર્ષની ઉંમરે આપ્યું. તે વખતે શ્રી જૈનશાસનના વેષધારીઓમાં ( સાધુઓમાં ) શિથિલતાએ વિશેષ કરી પોતાનું જોર જમાવ્યું હતું. મુનિઓ ક્રિયાકાંડમાં ઢીલા થઈ ગયા

હતા. પવિત્ર આચાર-વિચારની શુદ્ધિ પણ જેવી જોઇએ તેવી રહી ન હતી. આ બધુ જોતાં ઉપાધ્યાયશ્રીના આત્માને દુઃખ થયું ને આવું શૈથિલ્ય કેમ નિભાવી શકાય. માટે આવી શિથિલતાને દુર કરવી જોઈએ એવા નિશ્ચય પૂર્વક તેમનો આત્મા શુદ્ધ ક્રિયા કરવાને ઉજમાળ થયો. તેથી તેમણે વિ. સં. ૧૫૬૪માં એટલે પોતાની ૨૭ વર્ષની ઉંમરે શ્રી ગુરૂદેવની આજ્ઞા લઈ તેમનો શુભ આશીર્વાદ મેળવી અનુમતિ પામી નાગોર નગરમાં ક્રિયા ઉદ્ધાર કર્યો. શુદ્ધ સંવેગ માર્ગની દેશના આપતા વિચરવા લાગ્યા. ભવ્યાત્માઓને મોક્ષ માર્ગે દોરવતા દોરવતા અનુક્રમે જોધપુર શહેરમાં પધાર્યા. ત્યાંના ચતુર્વિધ શ્રીસંઘે તેઓશ્રીને સર્વગુણસંપન્ન ધર્મધુરંધર અને આગમ વાંણીમાં ગીતાર્થ જાણી. વિ. સં. ૧૫૬૫માં એટલે ૨૮ વર્ષની ઉંમરે અને દીક્ષા પર્યાયથી ૧૯મે વર્ષે આચાર્યપદ પર સ્થાપિત કર્યા. ત્યારપછી ત્યાગી વૈરાગી આચાર્ય ભગવાને પોતાના શિષ્યગણ સહિત અનેક દેશોમાં વિચરી શ્રી જૈનધર્મની ઘણી જ જાહો-જલાલી પ્રગટાવી. તેથી ચતુર્વિધ શ્રીસંઘે (સલક્ષણ) શંખ-લપુર મધ્યે ઘણાજ હર્ષ પૂર્વક ઓત્સવ મહોત્સવ પૂર્વક વિ. સં. ૧૫૯૯માં એટલે જન્મથી ૬૨ માં વર્ષની ઉંમરે અને આચાર્ય પદ પામ્યા પછી ૩૪માં વર્ષે તેમને યુગ-પ્રધાન પદે સ્થાપિત કર્યા. યુગપ્રધાન શ્રીમાન્ આચાર્ય દેવે પોતાની જીંદગીમાં અનેક નાના મોટા પ્રકરણરત્નોની રચનાઓ કરી છે. શુદ્ધ ધર્મની ખાતર અનેક ધર્મચર્ચાઓ કરી છે. અને અનેક ભવ્યાત્માઓને પવિત્ર શ્રીજૈનધર્મ

પમાડી સન્માર્ગમાં સ્થિર કર્યા છે. તે સંબંધોનો વિસ્તાર જીજ્ઞાસુએ તેમના જીવનચરિત્રથી જાણવો. મારવાડ દેશના જોધપુર જિલ્લામાં વસનારા કેટલાએક મુણોત ગોત્રીયા રજપુતોને માંસ મદિરા છોડાવી ઉત્તમ સંસ્કારી કરી પવિત્ર શ્રી જૈનધર્મી મુણોતગોત્રીય ઓસવાલ બનાવ્યા છે. રજપુતોમાંથી ઓસવાલ બનાવનારા આચાર્યોમાંના છેલ્લામાં છેલ્લા આ આચાર્ય થયા છે એમના પછી એવા સમર્થ કોઈ પણ આચાર્ય થયેલ જણાતા નથી. કારણ કે છેલ્લા ઓસવાલ મુણોતગોત્રીય બન્યા છે. ત્યારપછી કોઈપણ ઓસવાલની નવી જાત બની નથી. એ ઐતિહાસિક પુરાવો છે. અને મરૂધરાધિપતિ માલદે રાજાને પ્રતિબોધ આપી શ્રી જૈનધર્મપ્રતિ અનુરાગી બનાવેલ છે, વલી માલવ દેશમાં ચંડાલોને પ્રતિબોધ આપી, હિંસા કરતા અટકાવી, નવસોને દયાળુ પરિણામવાળા બનાવ્યા અને સિદ્ધપુર પાસેના ઉનાવા ગામમાં મેસરી વાણીઆઓના પાંચસો ઘરને ધર્મોપદેશ આપી જૈનધર્મી બનાવ્યા. ઈત્યાદિ અનેક ઉપકારો કરી, વિ. સં. ૧૬૧૨ના માગસર સુદ ત્રીજને રવિવારે જોધપુર નગરમાં ભત્તપચ્ચખાણ ( આહારપાણીનો ત્યાગ ) અણુસણ પૂર્વક પોતાનું ૭૫ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સમાધિપૂર્વક કાળધર્મ પામી સ્વર્ગવાસી થયા. તેઓશ્રીએ ૬૬ વર્ષ સુધી દીક્ષાપર્યાય પાલન કર્યો, ૪૭ વર્ષ લગી આચાર્યપદે રહ્યા ને ૧૩ વર્ષ સુધી યુગપ્રધાન પદ દીપાવ્યું. તે સમયે સુશ્રાવકોએ સુગુરૂદેવના સ્વર્ગવાસ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ, શાન્તિસ્નાત્ર મહોત્સવ અને સૂરીશ્વરદેવની ચરણપાદુકા-

ઓનો સ્થાપન મહોત્સવ કર્યો. વળી સુશ્રાવકોએ અગ્નિ સંસ્કાર થયેલ ભૂમિકાના સ્થાને એક મ્હોટી દેરી કરાવી છે કે જે હાલ પણ જોધપુરના પર્વત ઉપર અને રાજદરબારના કિલ્લા નીચે મોજુદ છે. વળી નાગોર, બિકાનેર, જોધપુર, મેડતા, પાલી, અજમેર, જયપુર, આગ્રા, પટણા, મુર્સીદાબાદ, અજીમગંજ, રાજગૃહી, બુરાનપુર, ઉજ્જેણ, પાટણ, અમદાવાદ, ખંભાત, વીરમગામ, માંડલ રાધનપુર, ધ્રાંગધ્રા, લીંમડી, પાલીતાણા વિગેરે અનેક શહેરોમાં અને ઉનાવા, રૂણ, રીયાં, સાંબર, વાલોતરા, પંચપદરા, તિવરિ, બગડી, વિગેરે ગામોમાં તેઓશ્રીની ચરણપાદુકાઓ સ્થાપન થઈ. અને હાલ પણ કેટલીક જગાએ પૂજાઈ રહી છે. આવા મહાન પ્રભાવશાળી એ આચાર્યદેવ થયા છે કિં બહુના.

## શ્રી ભ્રાતૃચન્દ્રસૂરિનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર.

શ્રી હેમચંદ્ર સૂરિની પાટે પૂજ્યપાદ પરમોપકારી પ્રાતઃસ્મરણીય પરમપ્રભાવક વચનસિદ્ધિવાલા શાન્ત સ્વભાવી શ્રી ભ્રાતૃચન્દ્રસૂરિ થયા. તેમનો જન્મ વાંકડીયા વડગામવાસી ઔદિચ્ય વાડવવંશી દાનમલજી પિતા વિજયા માતાની કુખથી૦ વિ૦ સં૦ ૧૯૨૦માં થયો હતો. વિ૦ સં૦ ૧૯૩૫ના ફાગણ સુદ બીજને દિને આચાર્ય શ્રીહર્ષચન્દ્ર સૂરિના શિષ્ય, પંડિતપ્રવર શ્રીમુક્તિચન્દ્ર ગણિના હાથે વીરમગામમાં દીક્ષા લીધી. તેઓશ્રીએ વિ૦ સં૦ ૧૯૩૭ના વૈશાખ સુદ ૧૧ને દિને માંડલ ગામમાં મુનિમહરાજ શ્રી કુશલચન્દ્ર ગણિની નિશ્રાએ નિર્ગ્રન્થપ્રવચન સંવેગમાર્ગની

તુલના કરી. (ક્રિયોદ્ધાર) કર્યો. તેઓ મહાપ્રતાપી, બાલબ્રહ્મચારી, સિદ્ધાન્ત પારગામી, સંવેગરંગરંગિત, આત્મા હતા. તેમજ ષટ્દર્શનમાં પણ પોતાના સહજગુણો અને વિદ્વત્તાથી પ્રસિદ્ધ પામેલા પૂજ્યશ્રીજી હતા. તેથી તેઓશ્રી પાસે અનેક મતાનુયાયિઓ આવીને પોતાની શંકાઓને પ્રકાશ કરતા. તેમને આચાર્યશ્રી શાંત સ્વભાવે એવી રીતે ઉત્તર આપતા કે જેથી તેઓ આનંદિત થઈ આચાર્યશ્રીની મુક્તકંઠે સર્વત્ર પ્રશંસા કરતા હતા. ઘણાના મુખથી મેં ( લેખક પોતેજ ) પ્રત્યક્ષ રીતે જોયેલ અને સાંભળેલ છે કે સુવર્ણ અને સુગંધની માફક ઉત્તમ શ્રેણીના વિદ્વાન અને તેની સાથે અપૂર્વ એવા શાંતિ આદિ ગુણોથી સહિત રાજયોગી સરખા, ભવ્ય દેદારવાળા, પુન્યનાપુતલા, ધર્મમૂર્તિરૂપ આ મહાત્માના સરીખા બીજા કોઈ પણ મહાત્મા અન્યદર્શનોમાં પણ અમને જોવામાં આવેલ નથી. ઈત્યાદિક પ્રશંસા કરી આનંદ પામતા હતા, કુટુંબમાં જે ભવ્યાત્માઓએ પૂજ્યપાદશ્રીનો પરિચય કર્યો હશે તેઓએ જ તેઓશ્રીની કેહેણી, રહેણી, વિદ્વતા, શાન્તિ જાણી હશે. વળી તેમણે પોતાના ધર્મોપદેશથી જામનગરના મહારાજા જામસાહેબ વિભાજી બહાદુર. ધ્રાંગધ્રાના મહારાજા માનસિંહજી, તેમના ભાયાત પ્રતાપસિંહજી તથા જાલમસિંહજી, બજાણાના દરબારસાહેબ, નશીબખાનજી, પાટડીના દરબાર સુરજમલસિંહજી. લીંબડીના નામદાર મહારાજા શ્રીજસવંતસિંહજી બહાદુર, કચ્છભુજનું રાજમંડલ, તથા જેસલમેરના મહારાજા, જોધપુરના કવિરાજ, મહામહોપાધ્યાય મુરારિદાન, તેમજ ન્યાયવિશારદ શાસ્ત્રી

નારાયણદત્તજી, વ્યાકરણાચાર્ય વિદ્યાભૂષણ પંડિત ભગવતી લાલજી, આશુકવિશાસ્ત્રી, નિત્યાનંદજી, શાસ્ત્રી હરિકૃષ્ણજી, સાહિત્યપંડિતજી, ઉમાશંકરજી, શાસ્ત્રી મણીશંકરજી, રાજ–વૈદ્ય પંડિત હેમરાજભાઈ, આદિત્યરામ, વિગેરેને જૈનધર્મ પ્રત્યે સારી લાગણીવાળા કર્યા હતા.

જીર્ણોદ્ધારના ઉપદેશથી બિકાનેરના ભાંડાસરજીનું મ્હોટું દહેરાસર તથા ખંભાતમાં નવપલ્લવજીનું. ચિંતામણીજીનું, તથા આદીશ્વરજીનું દહેરાસર, અને વીરમગામમાં અજિત-નાથસ્વામીનું દહેરાસર ઈત્યાદિક દહેરાસરના જિર્ણોદ્ધાર થયા, તેઓશ્રીના તીર્થયાત્રા કરવા સંબંધી ઉપદેશથી શ્રી સિદ્ધા-ચલજી, શ્રી ગીરનારજી, શ્રી શંખેશ્વરજી, શ્રી ભોયણજી, શ્રી આબુજી, શ્રી વરકાણાજી, શ્રી રાણકપુરજી, શ્રી કેશરીયાજી, શ્રી ફૂલવર્દ્ધિ પાર્શ્વનાથજી, જેસલમેલજી, કાવિગંધાર, નાની મોટી પંચતીર્થીજી વિગેરે તીર્થોના સંઘ, છરી, પાલતા નીકલ્યા. તેઓશ્રીના પસાયથી ઘણા ભવ્ય જીવોએ તીર્થનાં દર્શન કરી સમ્યક્ત્વ ગુણની નિર્મલતા કરી. જીવદયાના ઉપદેશથી વીરમગામ માંડલ વિગેરે સ્થળોમાં પાંજરાપોળો થઈ. ધાર્મિક કેળવણીના ઉપદેશથી રાજનગરમાં શ્રીજૈનહઠીસીંગસરસ્વતી સભા, કચ્છ મોટીખાખરમાં ભ્રાતૃચંદ્રાભ્યુદય પાઠશાળા તથા કન્યાશાળા, ધ્રાંગધ્રામાં મુનિ શ્રીકુશલચંદ્રગણિ વિદ્યાશાળા તેમજ કેટલેક સ્થળે પૌષધશાળા તથા ધર્મશાળા વિગેરે થયાં. વળી કચ્છ મુદ્રામાં અસ્થિર પ્રતિમાને સ્થિર કર્યા સંબંધી વીરમગામમાં દહેરાસરજીની પ્રતિષ્ઠા વખતે વૃષ્ટિ સંબંધી તેમજ

ખંભાત વગેરે સ્થળોમાં તેમના તપ તેજના ચમત્કાર લોકોને જાણવામાં આવ્યા હતા. તેઓશ્રીએ ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, ઝાલાવાડ, ગોઢવાડ, મારવાડ, મેવાડ, વિગેરે દેશોમાં વિના નિશ્રાયે વિચરી અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કર્યો હતો. ઘણે સ્થળે પડેલા તડ ટંટાઓને ઉપદેશ આપી શાન્ત કર્યા. પાટણ, જેસલમેર, ખંભાત, બિકાનેર વગેરેના જુના વખતના ભંડારો આ આચાર્યશ્રી જોઈ સારી રીતે અનુભવ મેળવી પ્રવીણ થયા હતા. વિ. સં. ૧૯૬૭ના વૈશાખ સુદ તેરસ ને બુધવારે શિળગંજ શહેરમાં ચતુર્વિધ શ્રીસંઘના અત્યંત આગ્રહથી તેઓશ્રી આચાર્ય પદ તથા ભટ્ટારકપદ પામ્યા. વિ. સં. ૧૯૭૨ ના વૈશાખ વદ આઠમ ને બુધવારની રાત્રે દોઢવાગે શુભ ધ્યાનથી ત્રણ દિવસના અણસણ પૂર્વક રાજનગરમાં તેઓશ્રી સ્વર્ગવાસી થયા. તે સમયે વૈયાવચ્ચમાં તપસ્વી મુનિ મહારાજ શ્રી જગતચંદ્રજી મહારાજ તથા મુનિ શ્રી સાગરચંદ્રજી વિગેરે સારી રીતે તત્પર રહ્યા હતા.

લેખક–શ્રી સાગરચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

## શ્રી સાગરચન્દ્રસૂરિનું ટુંકું જીવન વૃત્તાંત

શ્રી ભ્રાતૃચન્દ્ર સૂરિની પાટે સમર્થવિદ્વાન આચાર્યદેવશ્રી સાગરચન્દ્રજી મહારાજ થયા. તેમનો જન્મ નાના ભાડીયા (કચ્છ) વાસી રાંભિયાગોત્રીય ધારશીભાઈ પિતા, રતનબાઈ માતાની કુક્ષીથી. વિ. સં. ૧૯૪૩ના માગશર સુદ ત્રીજ ને ગુરુવારે થયો હતો. અને ભારતભૂષણ આચાર્યદેવ

શ્રી ભ્રાતૃચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના હાથે ખંભાતમાં વિ. સં. ૧૯૫૮ના મહા સુદ તેરસ ને ગુરૂવારના દીક્ષા ગ્રહણ કરી હતી. ત્યારપછી ગુરુરાજ પાસે રહી સાધુના આવશ્યક ક્રિયાના સૂત્રો, જીવવિચારાદિક પ્રકરણો, પાણિનીય વ્યાકરણ, સિદ્ધાંત કૌમુદી, રઘુવંશાદિ કાવ્યો, સાહિત્ય, કોશ, તર્કસંગ્રહ ન્યાય, છંદ, (પિંગલ) જ્યોતિષ સંબંધી વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. તદુપરાંત દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂયગડાંગ, ઠાણુંગ, સમવાયાંગ, શ્રી ભગવતી આદિ પીસ્તાલીસ આગમ, ત્રિષષ્ઠિશલાકાપુરૂષચરિત્ર, શ્રીપાલચરિત્ર અને શ્રી શાલીભદ્રચરિત્ર મહાકાવ્ય વગેરે મહાન પુરૂષોના જીવન ચરિત્રોનો પણ અભ્યાસ કર્યો હતો. અને ભગવતીસૂત્ર આદિ આગમો ઉપર પોતાની વિવેચનાત્મક રસપ્રદ શૈલીથી વ્યાખ્યાનો દ્વારા જનતાને સારો લાભ આપ્યો હતો. તેઓશ્રીએ ગુજ-રાત, કાઠીયાવાડ, (સૌરાષ્ટ્ર) મેવાડ, મારવાડ, કચ્છ, વિગેરે પ્રદેશોમાં વિહાર કરી અનેક ભવ્યાત્માઓને દેશવિરતિ સર્વ-વિરતિ બનાવ્યા અને પ્રતિષ્ઠાઓ કરાવી જૈનશાસનનો વિજય ધ્વજ ફરકાવ્યો હતો. તેઓશ્રી ચૈત્યવંદન સ્તુતિ સ્તવન ચોવીસી, શ્રીમન્નાગપુરીય બૃહત્ તપાગચ્છની પટ્ટાવલી, શ્રીપંચપ્રતિક્રમણસૂત્ર શાસ્ત્રી તથા ગુજરાતી, સ્તવન-સંગ્રહ, ગુરૂઅષ્ટપ્રકારીપૂજાસંગ્રહ. ભાગ – ૧. શ્રીશત્રુંજય-તીર્થાદિસ્તવનસંગ્રહ, સપ્તપદીશાસ્ત્ર, શ્રી જીનેન્દ્રનમસ્કારાદિ-સંગ્રહ, રાસસંગ્રહ, સ્વાધ્યાયપ્રકરણરત્ન ભાગ–૧, પ્રશ્નોત્તર પ્રકાશ ભાગ – ૧ – ૨. ષડદ્રવ્યનયસ્વભાવાદિ તથા સુર દીપિકાપ્રકરણસંગ્રહ સંક્ષિપ્ત બારવ્રતની ટીપ ઈત્યાદિ

પુસ્તકોના લેખક સંગ્રાહક તથા સંશોધક રહ્યા હતા. શ્રી રાજ-નગરમાં સાધુ સંમેલનમાં વિ. સં. ૧૯૯૦ની સાલમાં પૂજ્ય-શ્રીના નામ સાથે હંમેશને માટે, જોડાઈ રહે, એવા એક મહાન કાર્યમાં પોતાનો યશસ્વી હિસ્સો આપીને જૈન જનતાને તેઓશ્રીએ, પોતાની વિદ્વતાથી મુગ્ધ કરી દીધી હતી. આજ પૂર્વે પૂજ્યશ્રીની વિદ્વતા પંકાતી હતી, પણ સીધો સંસર્ગ તો અમદાવાદ મુકામે કેટલાક ચર્ચાસ્પદ પ્રશ્નો જેવા કે—દેવદ્રવ્ય, બાલદીક્ષા વિગેરે પર સર્વાનુમતે નિર્ણય કરવા માટે બોલાવવામાં આવેલ શ્રીઅખિલભારતીયજૈન શ્વે. મૂ. પૂ. સાધુસંમેલન વખતે થયો.

નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણીભાઈ, જેઓએ આ સંમે-લન અનેક મહેનતે મેળવ્યું. તેઓ તરફથી શ્રીપાર્શ્વચંદ્ર સૂરિગચ્છના મુનિરાજો૦ પૂ. શ્રીજગતચંદ્રજી મહારાજ સાહેબ અને પૂજ્ય શ્રીસાગરચંદ્રજી મહારાજ સાહેબ વગેરેને આમંત્રણ કરવામાં આવ્યું. પરમપૂજ્ય મુનિરાજ શ્રીસાગર-ચંદ્રજી મહારાજ સાહેબની વિદ્વતા, ચર્ચા કરવાની પ્રશંસનીય રીત જોઈને તેઓશ્રીને શ્રીપાર્શ્વ ચંદ્રસૂરિગચ્છના પ્રતિનિધિ તરીકે પ્રથમ ૭૨ની અને પછી ૩૦ની કમિટિમાં નીમવામાં આવ્યા. દિવસો સુધી ઉપરોક્ત પ્રશ્નો પર ચર્ચા ચાલી. તેમાં પૂજ્યશ્રીએ રસપૂર્વક સુંદર ભાગ ભજવ્યો છે. એટલું જ નહિં પણ કેટલીક બાબતોમાં તટસ્થ તરીકે એમના સલાહ સુચનો કિંમતી થઈ પડ્યા છે. એમ એ સંમેલનમાં હાજરી આપનારા અનેક પૂજ્ય આચાર્યાદિક મુનિરાજોના મુખેથી

સાંભળવામાં આવ્યું છે અને છેવટે જે મુખ્ય નવની કમિટિ નિયુક્ત કરવામાં આવી તેમાં પણ પૂજ્યશ્રી એક હતા. નવની કમિટિમાં આઠ આચાર્યપુંગવો હતા. જ્યારે આચાર્ય નહિ હોવા છતાં પણ પૂજ્યશ્રીને સ્થાન મળ્યું હતું. એજ બતાવી આપે છે કે તેઓશ્રીની વિદ્વતાની જે કિંમત ગૃહસ્થો આંકતા, તેટલી જ કિંમત અન્ય ગચ્છના વિદ્વાન આચાર્યાદિ મુનિવરો પણ આંકતા હતા. આ સંમેલને તે પટ્ટક રૂપે કરેલા ઠરાવો પર પૂજ્યશ્રીની મહોર છાપ હતી. અને ભારત વર્ષના જૈન સંઘના દ્વારે એ પટ્ટકો પહોંચી ગયા હતા. આમ પૂજ્યશ્રીની ખ્યાતિ હિંદના ચાર ખુણામાં ફેલાવવા સાથે અન્ય સહધર્મીઓનું આકર્ષણ વધ્યું. આ સંમેલને પટ્ટક રૂપે કરેલા ઠરાવોનું હાલ યથાર્થ પાલન નહિ થવાથી જ્યારે બૂમ પડી રહી છે ત્યારે સ્વ. પૂજ્યશ્રીના જેવા સ્પષ્ટ વક્તાની ખોટ સાલે છે. દરેક સ્થળોએ શ્રી સંઘો તરફથી ભારે આદર સત્કાર થયો હતો. અને વ્યાખ્યાન વાણીના પ્રભાવથી જૈન જૈનેતરો, વિદ્વાનો અધિકારીઓ વિગેરે પર સારી અસર થઇ હતી. પૂજ્યશ્રીની સાનિધ્યમાં વધુને વધુ નજીક આવતા અને આત્મહિતની પ્રવૃતિમાં લીન થતા. નવની કમિટિમાં સ્થાન મેળવી જે પ્રતિષ્ઠા ને મોભો પ્રાપ્ત કર્યો હતો, તેમજ તે પ્રસંગે તેઓશ્રીની વિદ્વતાનો જે પ્રભાવ પડયો હતો તે ધ્યાનમાં લઈ શેઠ શ્રી ભગુભાઈ ચુનીલાલ, સુતરીયા તથા રાજનગરના અન્ય આગેવાનો તરફથી પૂજ્યશ્રીને આચાર્ય પદવી આપવા વારંવાર સુચના કરતા હતા. તેને લક્ષમાં લઈ પદવી આપવા નિર્ણય કર્યો, તે પ્રસંગે ક્રિયા કરાવવા માટે આચાર્યદેવશ્રી

૧૦૦૮ વાર શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજીના પ્રશિષ્ય આચાર્યશ્રી ઉમંગસૂરિજી પધાર્યા હતા. ગામોગામના શ્રીસંઘોના શ્રાવકોની મોટી હાજરીમાં વિ. સં. ૧૯૯૩નાં જેઠ સુદ ચોથ ને શનિવારે અમદાવાદ શામળાની પોળના ઉપાશ્રયમાં અટ્ઠાઈ મહોત્સવપૂર્વક આચાર્યપદ અર્પણ કરવામાં આવ્યું હતું.

સ્વપર ઉપકારી. ૩૭ વર્ષ ૭ માસ ને ૭ દિવસની દીક્ષા પર્યાય પાળી તેમાંના બે વર્ષ ને ૩ માસ ને ૧૫ દિવસનું આચાર્ય પદ ભોગવી. સં. ૧૯૯૫ના ભાદરવા વદ ચોથ ને સોમવારના રોજ ધ્રાંગધ્રામાં પોતાનું ૫૨ વર્ષ ને નવ માસ ને ૧૬ દિવસનું આયુષ્ય પૂર્ણ કરી સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા. કોટીશ: વંદન હો આચાર્યશ્રીને.

## યુગપ્રધાન શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજીનો છંદ.

સૂરિ પાર્શ્વચંદ્ર હુવા અવતારી, જસ નામતણી મહિમા ભારી;
કષ્ટ ટલે મિટે તાપતપો, પૂજ્ય દાદાજીરો જાપ જપો૦ ॥૧॥
પૂજ્ય નામે સબ કષ્ટ ટલે, વલિ ભૂત પ્રેત તો નહિ છલે;
મિલે ન ચોર હોય ગપ ચપો, પૂજ્ય દાદાજીરો જાપ જપો૦ ॥૨॥
લક્ષ્મી દિન દિન વધ જાવે, ઔર દુખ નેડો તો નહિ આવે;
વ્યાપારમાં હોવે બહુત નફો, પૂજ્ય દાદાજીરો જાપ જપો૦ ॥૩॥
અડચો કામતો હોઈ જાવે, વલિ બિગડયો કામ તો બન જાવે;
ભૂલચૂક નહિં ખાય ડફો, પૂજ્ય દાદાજીરો જાપ જપો૦ ॥૪॥
રાજકાજમાં તેજ રહે, વલિ ખમા ખમા સબ લોક કહે;
આછિ જાયગા જાય રૂપો, પૂજ્ય દાદાજીરો જાપ જપો૦ ॥૫॥

પૂજ્યનામતણો જિણુલિયો ઓટો, તસ કદે નહિ આવે તોટો;
ઘર ઘર બારણે કાંઈ તર્પો, પૂજ્ય દાદાજીરો જાપ જપો૦ ॥૬॥
એક માલા નિત્ય નેમ રાખો, કિણુ વાત તણો નહિ હોય ધકો;
ખાલિ વિમાન ઓર ટલેજી સર્પો;પૂજ્ય દાદાજીરો જાપ જપો૦॥૭॥
સ્વગચ્છ તણી પ્રતિપાલ કરે, મુનિ રામ સદા તુમ ધ્યાન ધરે;
કોઈ પ્રત્યક્ષ વાત મતિ ઉથપો, પૂજ્ય દાદજીરો જાપ જપો૦ ॥૮॥

## પરમત્યાગી પૂ. સાધ્વીજી શ્રીમહોદયશ્રીજી મહારાજના જીવનની ટુંક રૂપરેખા.

પૂ. મહોદયશ્રીજી મહારાજ સમરતબહેન ઝવેરીના મોટા બહેન થાય એટલે તેમની સંસારી અવસ્થાનો કેટલોક પરિચય તેમને મળતો જ છે, સં. ૧૯૫૪ ની સાલમાં તેઓશ્રીનો જન્મ થયો. નામ લક્ષ્મીબેન ( ઉર્ફે–શકરીબેન ) રાખવામાં આવ્યું.

બાળકોની રહેણીકરણી અને સ્વભાવથી કેટલીટ વખત તેમના જીવનની–આગાહી કલ્પી શકાય છે. તેજ પ્રમાણે લક્ષ્મીબેનમાં બાલ્યવયથી જ ધર્મ ક્રિયાઓ અને જ્ઞાનરૂચિ જોવામાં આવતી હતી. જેના યોગે–પ્રતિક્રમણ, નવસ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, મોટી સંગ્રહણી વિગેરે ધાર્મિક અભ્યાસ નાની વયમાં જ કર્યો હતો. છતાં ચારિત્ર મોહનીયના પ્રબળ ઉદયથી ચારિત્ર ઉદયમાં આવી શક્યું નહિ.

સં. ૧૯૬૭ ની સાલમાં ખંભાતનાજ વતની ગર્ભ શ્રીમંત ધર્મપરાયણ અને સદાચારસંપન્ન ઝવેરી કુટુંબમાં

પ. પૂ. સાધ્વીજી મહોદયશ્રીજી મહારાજ



જન્મ. સં. ૧૯૫૪ દીક્ષા સં. ૧૯૯૦ માગશર વદી ૭

શેઠશ્રી દલપતભાઈ ખુશાલચંદના પુત્ર શ્રીબાપુલાલભાઈ સાથે તેમનું લગ્ન કરવામાં આવ્યું. બાપુલાલભાઈ પણ સંસ્કારી, ધર્મપ્રેમી અને કોમળ સ્વભાવના હતા. જીવન દરેક રીતે સુખી હતું પરંતુ ભાવિમાં શું નિર્માણ થયેલું છે તે કર્મની વિચિત્રતાના યોગે કોઈથી સમજી શકાતું નથી. આ નિયમાનુસાર શ્રી બાપુલાલભાઈ પણ નાની વયમાં જ આ નશ્વર દેહને છોડીને ચાલ્યા ગયા. લક્ષ્મીબેનને ભારે આંચકો લાગ્યો છતાં ધર્મના ઉચ્ચ સંસ્કારને લઈ તેઓ કોઈપણ જાતના વિષાદ કે કલ્પાંતમાં પડયાં નહિં. પરંતુ ધર્મક્રિયા અને જ્ઞાનાભ્યાસમાં વિશેષ ઉદ્યમશીલ રહેવા લાગ્યાં.

ચારિત્ર લેવાની પ્રબળ ભાવના હોવા છતાં પણ સાસુ સસરા અને સ્વજન સંબંધીઓએ રજા આપી નહિં. અને સત્તર વર્ષ પર્યંત ગૃહસ્થાશ્રમમાં જ રહીને ચારિત્ર ધર્મની વિશેષ તૈયારી કરવા લાગ્યાં. અંતે બધાંની અનુમતિ મેળવી સં. ૧૯૯૦ ના માગશર વાદિ સાતમના શુભ દિવસે ચારિત્ર અંગીકાર કર્યું અને શ્રી પાર્શ્વચંદ્રગચ્છીય શ્રીભ્રાતૃચંદ્રસૂરીશ્વરજીના પ્રથમ શિષ્યા પરમત્યાગી સાધ્વીજી શ્રી ચંદનશ્રીજી મહારાજના શિષ્યા બની શ્રી મહોદયશ્રીજી નામ ધારણ કર્યું.

આજ સાલમાં ફાગણ સુદી ૩ ના દિવસે ઉનાવાવાળા શ્રીકાલીદાસભાઈની સુપુત્રી ચંદ્રાબેને સોળ વર્ષની વયે દીક્ષા અંગીકાર કરી. અને શ્રીમહોદયશ્રીજીના શિષ્યા બન્યાં, તેમનું નામ ચારિત્રશ્રીજી રાખવામાં આવ્યું. પછીથી ગુરૂશિષ્યા બન્નેએ સાથે જ અભ્યાસ ચાલુ કર્યો અને સંસ્કૃતમાં બે બુક,,

હેમ લઘુવૃત્તિ, તથા પ્રાકૃતવિજ્ઞાનપાઠમાળા વિગેરે અને ધાર્મિકમાં પણ ઠીક અભ્યાસ કર્યો. આ પ્રમાણે છ વર્ષ વ્યતીત થયાં પછીથી બાવીસ વર્ષ જેટલી નાની વયમાં જ શ્રી ચારિત્રશ્રીજી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં. ચારિત્રશ્રીજી ખૂબ વિનયી બુદ્ધિશાળી અને નમ્ર સ્વભાવનાં હતાં. મહોદયશ્રીજીની જોડી તૂટી ગઈ તો પણ તેઓ હતાશ નહિ થતાં અભ્યાસનું કામકાજ ચાલુ જ રાખ્યું અને કેટલાંક સંસ્કૃત કાવ્યો અને ધાર્મિકવાચનમાં આગળ વધ્યાં. અત્યારે પણ તેઓશ્રીનો અભ્યાસ ચાલુ જ હોય છે.

તપશ્ચર્યા પણ–દોઢમાસી, બેમાસી, અઢીમાસી, ત્રણમાસી, ચારમાસી, છમાસી, વીશસ્થાનકતપ, તેરકાઠિયાના અટ્ઠમ વર્ધમાન તપની (૩૫) ઓળીઓ; નવપદજીનીઓળીઓ, છ ઉપવાસ, નવ ઉપવાસ, સોળ ઉપવાસ, માસ ખમણ, સિદ્ધિતપ, ચત્તારિ અઠ્ઠ દસ દોય, કર્મસૂદન તપની ઓળીઓ, ચૌદપૂરવનો તપ, અટ્ઠાવીસ લબ્ધિનો તપ, પીસ્તાલીસ આગમનો તપ, ચોવીસ ભગવાનના ચઢતા ઉતરતા એકાસણા, અને નવકારનો તપ વિગેરે નાની મોટી ઘણી તપશ્ચર્યાઓ તેઓએ કરેલી છે.

આ ઉપરાંત પાલીતાણામાં નવાણું યાત્રા અને ચાતુર્માસનો પણ લાભ લીધો છે.

મારવાડ, મેવાડ, ગુજરાત, કાઠીયાવાડ અને મુંબઈ વિગેરે સ્થળોએ વિચરી અનેક માણસોને પ્રતિબોધ કર્યો છે. અને રાત્રિભોજન કંદમૂળ વિગેરેનો ત્યાગ કરાવી. દેવ ગુરુ-



સ્વર્ગસ્થ શ્રી. ઝવેરી વેણીભાઈ હકમચંદ

## સુશ્રાવિકા સમરતબેન ઝવેરી



જન્મ. વિ. સં. ૧૯૬૦ શ્રાવણ વદી ૧૩

વંદન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓમાં જોડયાં છે.

આ પ્રમાણે ગુરૂણીજી મહારાજ સાહેબ ચારિત્રધર્મનું સુંદર પાલન કરી રહ્યાં છે. અને બીજાને પણ ધર્મઆરાધનમાં જોડી રહ્યાં છે. તેઓશ્રી ગુણવિકાસમાં ખૂબ આગળ વધે અને આત્માનું કલ્યાણ સાધે. એજ મહેચ્છા.

**માસ્તર રામચંદ ડી. શાહ. ખંભાત**

## ધર્મપરાયણ સુશ્રાવિકા સમરત બહેન ઝવેરીના જીવનની ટુંક માહિતી.

પૂર્વના અનેક મહાપુરુષોના જીવન પ્રસંગો જેમાં સંકળાયેલા છે. વર્તમાન કાળે પણ જ્યાં લગભગ ૬૫ ગગનચુંબી જિનાલયો, અનેક ઉપાશ્રયો, જ્ઞાનભંડારો અને સંસ્કારસંપન્ન સુખી, ગર્ભશ્રીમંતોના નિવાસો આવેલા છે. એવા ઈતિહાસ પ્રસિદ્ધ નગરની મધ્યમાં–સાગોટાપાડામાં વીસાઓસવાળ જ્ઞાતીય સદાચારી, ધર્મપ્રેમી અને સુખી શેઠશ્રી મગનલાલ ઝવેરચંદના કુટુંબનો વાસ હતો. તેમને ભદ્રિકપરિણામી, દેવગુરૂભક્તિમાં રક્ત અને સુશીલ એવા હરકોર શેઠાણી પત્ની હતાં. સમરત બેનનો તેમને ત્યાં વિ. સં. ૧૯૧૦ના શ્રાવણ વદિ તેરસના દિવસે જન્મ થયો.

બાલ્યવયથીજ તેમના જીવનમાં – દેવદર્શન, જિનપૂજા, ગુરૂવંદન, વ્રતપચ્ચક્ખાણ, વડિલો પ્રત્યે સદ્ભાવ વિગેરે અનેક ગુણો જોવામાં આવતા હતા. તેમને બીજા પણ મોટા ચાર

ભાઈઓ અને પાંચ બહેનો હતાં, તેમાં સમરતબેન સહુથી નાના. બાકીના ચાર બહેનોથી લક્ષ્મીબેને પાર્શ્વચંદ્રગચ્છમાં સંયમ અંગીકાર કરેલ છે. જેઓ મહોદયશ્રીજીના નામથી સુંદર રીતે ચારિત્રની આરાધના કરી રહેલાં છે.

સમરતબેન ઉંમર લાયક થતાં વડિલોએ ખાનદાન અને સુખી ઝવેરી કુટુંબમાં શ્રી હકમચંદ ખુશાલભાઈ ઝવેરીના સુપુત્ર શ્રીવેણીભાઈ સાથે તેમનું લગ્ન કર્યું.

વેણીભાઈ પણ ઘણાજ માયાળુ, ધર્મપ્રેમી અને ભદ્રિક હતા. તેઓશ્રી નાની ઉંમરમાંજ પોતાના કાકાની દુકાને મુંબઈ નોકરી કરતા હતા. જીવન સુખ શાંતિમય હતું. છતાં તેમને સંતાનની ઉણપ હતી. ધર્મસંસ્કારના બળે આ ઉણપ તેમને કોઈપણ પ્રસંગે સતાવી શકતી નહોતી. સંસારની વિચિત્રતા સમજતા હતા. એટલે ધર્મમાં જ વિશેષ પણે પ્રયત્નશીલ રહ્યા કરતા. આ પ્રમાણે જીવન વ્યતિત કરતાં ભાગ્ય યોગે પોતાના પતિ ૫૪ વર્ષની વયે આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા. સમરતબેનને ઘણો જ આઘાત થયો. છતાં સંસ્કારના યોગે મનમાં કોઈપણ જાતનો ખેદ કર્યા સિવાય તેઓ ધાર્મિક પ્રવૃત્તિમાં જ વિશેષ રસ લેવા લાગ્યાં.

ચારિત્ર લેવાની ઉત્કટ ભાવના હોવા છતાં પણ નાદુરસ્ત તબિયતના અંગે તેઓની ભાવના પૂર્ણ થઈ નહિં. તોપણ ધર્મક્રિયા, તપ અને ત્યાગમાં દિવસે દિવસે વૃદ્ધિ કરતાં જ રહ્યાં. આજે પણ તેમનું જીવન આજ ક્રમથી ચાલી રહ્યું છે.

ચાલીસ વર્ષની વય સુધીમાં પોતાના પતિ સાથે સમેત-

શીખરજી, ગીરનારજી, આબુજી, કેશરીયાજી, તારંગાજી, કચ્છ-ભુજ, મારવાડ, મેવાડ વિગેરે પવિત્ર તીર્થોની યાત્રા કરી સારો લાભ લીધો છે. ઉપધાન તપ પણ પતિની હાજરીમાં જ કરીને દ્રવ્ય વ્યય ઠીક પ્રમાણમાં કર્યો હતો.

પતિના ગુજરી ગયા બાદ આજ દિન સુધીમાં એટલે લગભગ બત્રીસ વર્ષ સુધીમાં બીજાં પણ અનેક ધાર્મિક કાર્યો કરેલાં છે.–જેમકે–વીશસ્થાનક, ખીર સમુદ્ર, માસક્ષમણ, સોલભત્તું, ચત્તારિઅઠ્ઠદસદોય, વરસીતપ, છ અઠ્ઠાઈઓ, બીજી છુટી અઠ્ઠાઈઓ, દોઢમાસી, ચારમાસી, સિદ્ધિતપ, વર્ધમાન તપની (૩૩) ઓળીઓ, સિદ્ધચક્રજીની ઓળીઓ, સો જેટલા અઠ્ઠમો, બાવનજીનાલય, ચાર, પાંચ, છ તથા પાંચમ, આઠમ, અગિયારસ તિથિઓ, કર્મસૂદન તપની ઓળીઓ. વિગેરે નાની-મોટી અનેક તપશ્ચર્યાઓ કરી, પાંચ છોડનું ઉજમણું, સિદ્ધ-ચક્રમહાપૂજન, અષ્ટાપદજીનીપૂજા, પાંચ અઠ્ઠાઈ મહોત્સવો, શહેર યાત્રા કરાવી. દરેક દહેરાસરજીમાં પૂજાની યોગ્ય સામગ્રી, વરઘોડામાં વર્ષીદાન વિગેરે પ્રસંગો યોજી સારો દ્રવ્ય વ્યય કરેલો છે.

આ ઉપરાંત શત્રુંજય તીર્થમાં નવાણું યાત્રા, ચોમાસું, ડુંગરપૂજા, તલાટીમાં ભાતુ, દાદાની આંગીઓ, મોતીસુખીયાની ધર્મશાળામાં અઠ્ઠાઈમહોત્સવ, અનેક તીર્થોમાં એક એક જોડી કપડાં, પૂજાની ટોળીની બહેનોને કાવી, ગંધાર અને ઝઘડીયાની યાત્રા કરાવી. સાલની પ્રભાવના અને તીર્થોમાં પણ અનેક ઉપકરણો મુકયાં. આ પ્રમાણે તીર્થોની અનેક પ્રકારે ભક્તિ કરી છે.

પોતાના વતન ખંભાતમાં પણ–ગોડીપાર્શ્વનાથના ભોંયરામાં બે ભગવાન પધરાવ્યા, બન્ને પ્રતિમાજીઓને મુગટ, હાર, કંઠી વિગેરે આભૂષણો, સિદ્ધચક્રજીનોપટ, ૧૦૮ છિદ્રનો ચાંદીનો કલસ, વૃષભનો ચાંદીનો કળસ, વિગેરે પ્રભુ ભક્તિમાં ઉપયોગી સાધનો મૂકી સારો લાભ લીધો છે. એક વખત સરજનો સંઘ પણ કાઢેલો છે.

આ પ્રમાણે તેઓએ પોતાની શક્તિ અનુસાર અનેક ધર્મકાર્યો કરી પોતાનું જીવન સુંદર બનાવ્યું છે. અત્યારે પણ પોતાનાથી બનતું કાર્ય કરી જ રહ્યાં છે.

તેમના જીવનના પ્રસંગો તેમની કીર્તિ ફેલાવવા કે વાહવાહ કરવા માટે લખાયા નથી. પરંતુ આપણા સમાજની બીજી સાધનસંપન્ન બહેનોને માર્ગદર્શક થાય, લક્ષ્મીનો સદ્વ્યય કરવાની ભાવના જાગે અને પોતાના આત્મકલ્યાણનો માર્ગ સરળ બને આ હેતુથી જ લખાયા છે.

લક્ષ્મી કદાચ પૂર્વની પુન્યાઇએ મળી જાય છે. પરંતુ તેનો સદ્વ્યય કરવો એ મહાકઠીન કાર્ય છે, તેમાં પણ બહેનોને માટે વિશેષ કઠીન છે. છતાં સમરતબેને લક્ષ્મીનો મોહ દૂર કરી પોતાની શક્તિ અનુસાર ધર્મમાર્ગમાં જે દ્રવ્ય વ્યય કર્યો છે. તે ખરેખર અનુમોદનીય છે.

સમરત બહેન આવાં જ ધર્મકાર્ય જીવન પર્યંત કરતાં રહે અને દીર્ઘાયુષી થાય. એજ અભ્યર્થના.

**માસ્તર. રામચંદ-ડી–શાહ–ખંભાત.**

# "ઉપદેશક વચનામૃતો"

સંસારનો સંબંધ ત્યાજ્ય છે. સંબંધીઓ ખાતર ભવ દુઃખમાં સબડયા કરવું એ મોહના ચાળા છે. અને વાસ્તવિક વસ્તુ સ્વરૂપનું અજ્ઞાન છે.

સંચય કરવાની વૃત્તિ તો આંખો વિનાની કીડીઓમાં પણ રહેલી છે. જ્યારે દાન-ત્યાગ તો દેવોને પણ દુર્લભ છે.

કોઈ પણ સત્ કાર્યની સિદ્ધિ કરવી હોય તો સૌથી પહેલાં તેની દ્રઢ ઈચ્છા જોઈએ. પછી પ્રવૃત્તિ કરવી જોઈએ, પ્રવૃત્તિ કર્યા બાદ ગમે તેવા વિઘ્નો આવે તો પણ સ્થિરતા જોઈએ, પછીથી સિદ્ધિ થાય છે.

સારો માણસ તે કહેવાય કે જે, કોઈની પાસે પૌદ્ગલિક પદાર્થોની યાચના કરે નહિ. અને કોઈની યોગ્ય યાચનાનો શક્તિ હોયતો ભંગ કરે નહિં. પોતે દુઃખ વેઠીને પણ બનતો પરોપકાર કર્યા જ કરે.

માણસ જ્યારે પૈસા કરતાં પ્રતિષ્ઠાને વધારે મહત્ત્વ આપતો થાય, ત્યારે તે પ્રમાણિક બની શકે છે. અને પ્રતિષ્ઠા કરતાં પણ પાપના ભયને વધારે મહત્ત્વ આપતો થાય ત્યારે જ તે ધર્માત્મા બની શકે છે.

**સંગ્રાહક. માસ્તર. રામચંદ-ડી-શાહ-ખંભાત.**

# પ્રસ્તાવના

આ નાનકડા પુસ્તકમાં નવ સ્મરણુ અને સ્તવન સજ્ઝાયનો સંગ્રહ આપવામાં આવેલો છે.

નવ સ્મરણુમાં નવકાર સિવાય બાકીના બધાંજ સ્તોત્રો પૂર્વના મહાપ્રભાવિક અને પરોપકારી મહાપુરૂષોનાં રચેલાં છે. જેનાથી પૂર્વના અનેક મનુષ્યોએ આત્મ કલ્યાણુની સાધના સાથે બીજા પણુ અનેક સારા કાર્યોની સાધના કરેલી છે. વર્તમાન કાળમાં પણુ જો સંપૂર્ણુ-શ્રદ્ધા અને ભાવપૂર્વક તેનું સ્મરણુ કરવામાં આવે તો એટલું જ ફળ-આપનાર થાય છે. એનાં કેટલાંક દ્રષ્ટાતો અત્યારે પણુ મોજુદ છે. અને નવકાર એ તો સઘળાંયે શાસ્ત્રના સારરૂપ મહામંત્ર છે.

સ્તવન સજ્ઝાયો એ જીવનમાં ઉત્તમ ગુણુની પ્રાપ્તિ માટેના મહાન સાધનો છે. રાવણે ભક્તિયોગથીજ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરેલું છે. જ્યારે માણુસનું ચિત્ત ભક્તિયોગથી તરબોળ બની જાય છે. ત્યારે તેને ગુણુની ઉપાસના સિવાય બીજો કોઈ ખ્યાલ રહેતોજ નથી. એટલે તો મહાપુરૂષોએ ફરમાવ્યું છે કે "ઉત્તમ જીન ગુણુ-ગાતાં, ગુણુ આવે નિજ અંગ" સ્તવનમાં જીનેશ્વર ભગવંતના ગુણુ ગાન અને સજ્ઝાયમાં મહાન આત્માઓનો પરિચય આપવામાં આવેલો હોય છે એટલે ખરેખર આ સાધનોથી જીવન ધન્ય બને છે.

આ પુસ્તક પૂ. સા. મ. સા. શ્રી મહોદયશ્રીજીની શુભ પ્રેરણાથી સુશ્રાવિકા સમરત બેન ઝવેરીની સંપૂર્ણ સહાયથી પ્રકાશિત થાય છે. તેમજ આ પુસ્તક પ્રકાશનમાં શ્રીયુત જશવંતલાલ શાહે પણુ સારો સહકાર આપેલ છે તેથી તે બદલ તેઓશ્રીનો પણુ આ તકે આભાર માનું છું.

આ પુસ્તકમાં મતિમંદતા અગર પ્રેસ દોષથી કાંઈપણુ ભૂલચૂક રહી જવા પામી હોય તો ક્ષમા યાચું છું.

અંતમાં આ પુસ્તકનો ખૂબ સુંદર ઉપયોગ થાય એ જ મહેચ્છા.

લી. માસ્તર રામચંદ ડી. શાહ

ખંભાત.

શ્રી પાર્શ્વચંદ્રસૂરિજી સદ્‌ગુરૂભ્યોનમો નમઃ

# શ્રી મહાપ્રભાવિક નવસ્મરણ.

## શ્રી આત્મરક્ષા નવકાર મન્ત્ર.

### શ્રી વજ્રપંજરસ્તોત્ર :—

ૐ પરમેષ્ઠિ–નમસ્કારં, સાર નવપદાત્મકં;
આત્મરક્ષાકરં વજ્ર–પંજરાભં સ્મરામ્યહં ૧.

ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતં;
ૐ નમો સવ્વસિદ્ધાણં, મુખે મુખપટં વરમ્ ૨.

ૐ નમો આયરિયાણં, અંગ રક્ષાતિશાયિની;
ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દ્દઢં. ૩

ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે;
એસો પંચ નમુક્કારો, શિલા વજ્રમયી તલે. ૪

સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ,
મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગાર–ખાતિકા. ૫

સ્વાહાંતં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલં;
વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહ–રક્ષણે. ૬

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવ–નાશિની;
પરમેષ્ઠિ–પદોદ્ભૂતા, કથિતા પૂર્વ સૂરિભિઃ. ૭

યેશ્ચૈનં કુરૂતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા;
તસ્ય ન સ્યાદ્ ભયંવ્યાધિ-રાધિશ્ચાऽપિ કદાચન. ૮

## ૧ શ્રી નવકાર મંત્ર ( પ્રથમં સ્મરણમ્ )

નમો અરિહંતાણં ॥૧॥ નમો સિદ્ધાણં ॥૨॥ નમો આયરિયાણં ॥૩॥ નમો ઉવજ્ઝાયાણં ॥૪॥ નમો લોએ સવ્વસાહૂણં ॥૫॥ એસો પંચ નમુક્કારો ॥૬॥ સવ્વપાવપ્પણાસણો ॥૭॥ મંગલાણંચ સવ્વેસિં ॥૮॥ પઢમં હવઈ મંગલં ॥૯॥

## ૨. ઉવસગ્ગહરં સ્તવનમ્

## [ દ્વિતીયં સ્મરણમ્ ]

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણ-મુક્કં; વિસહર-વિસ-નિન્નાસં, મંગલકલ્લાણ-આવાસં. ૧ વિસહર-ફુલિંગ-મંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ; તસ્સ ગહ-રોગ મારી, દુટ્ઠ જરા જંતિ ઉવસામં. ૨ ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ; નર તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં. ૩ તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાયવબ્ભહિએ; પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪ ઇઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભર-નિબ્ભરેણ હિયએણ; તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ. ૫

★

## ૩. સંતિકરં સ્તવનમ્ (તૃતીયં સ્મરણમ્)

સંતિકરં સંતિજિણં, જગસરણં જય—સિરિઈ દાયારં, સમરામિ ભત્ત-પાલગ, નિવ્વાણી-ગરૂડ-કય-સેવં. ૧ ૐ સ નમો વિપ્પોસહિ-પત્તાણં સંતિસામિ-પાયાણં; ઝ્રૌં સ્વાહા મંતેણં, સવ્વાસિવ-દુરિઅ-હરણાણં. ૨ ૐ સંતિ-નમુક્કારો, ખેલોસહિમાઈ-લદ્ધિપત્તાણં; સૌં હ્રીં નમો સવ્વોસહિ-પત્તાણં ચ દેઇ સિરિં. ૩ વાણી તિહુઅણ-સામિણિ, સિરિદેવી જક્ખરાય ગણિ-પિડગા; ગહ-દિસિપાલ-સુરિંદા, સયાવિ રક્ખંતુ જિણભત્તે. ૪ રક્ખંતુ મમ રોહિણી, પન્નત્તી વજ્જસિંખલા ય સયા; વજ્જંકુંસી ચક્કેસરી, નરદત્તા કાલી મહાકાલી. ૫ ગોરી તહ ગંધારી, મહજાલા માણવી અ વઇરૂટ્ટા; અચ્છુત્તામાણુસિઆ, મહામાણસિયાઉ દેવીઓ. ૬ જક્ખા ગોમુહ મહજક્ખ, તિમુહ જક્ખેસ તુંબરૂકુસુમો; માયંગ-વિજય-અજિયા, બંભો મણુઓ સુરકુમારો. ૭ છમ્મુહ પયાલ કિન્નર, ગરૂલો ગંધવ્વ તહય જક્ખિંદો; કુબર વરૂણો ભિઉડી, ગોમેહો પાસ-માયંગા. ૮ દેવીઓ ચક્કેસરિ, અજિઆ દુરિઆરિ કાલી મહાકાલી; અચ્ચુઅ સંતા જાલા, સુતારયા-સોય સિરિવચ્છા. ૯ ચંડા વિજયંકુસી, પન્નઇત્તિ નિવ્વાણી અચ્ચુઆ ધરણી; વઇરૂટ્ટ છુત્ત ગંધારી, અંબ પઉમાવઈ સિદ્ધા. ૧૦ ઇઅ તિત્થ રક્ખણરયા, અન્નેવિ સુરાસુરીય ચઉહાવિ; વંતર જોઈણી પમુહા, કુણંતુ રક્ખં સયા અમ્હં ૧૧ એવં સુદિટ્ઠિ-સુરગણ, સહિઓ સંઘસ્સ સંતિ જિણચંદો; મજ્ઝવિ કરેઉ રક્ખં, મુણિસુંદરસૂરિ-થુઅ-મહિમા.

૧૨ ઈઅ સંતિનાહ સમ્મ-દિટ્ઠી રક્ખં સરઈ તિકાલં જો; સવ્વોવદ્દવ-રહિઓ, સ લહઈ સુહસંપયં પરમં. ૧૩ તવ-ગચ્છગયણ-દિણયર,જુગવર-સિરિસોમસુંદર-ગુરૂણં; સુપસાય-લદ્ધ-ગણહર,-વિજ્જાસિદ્ધી ભણઈ સીસો. ૧૪

## ૪. તિજય પહુત્ત સ્તોત્રમ્ [ચતુર્થં સ્મરણમ્]

તિજય-પહુત્ત-પયાસય, અટ્ઠ-મહાપાડિહેર-જુત્તાણં; સમયક્ખિત્ત-ઠિઆણં, સરેમિ ચક્કં જિણિંદાણં. ૧ પણવીસા ય અસીઆ, પનરસ પન્નાસ જિણવર સમૂહો; નાસેઉ સયલ દુરિઅં, ભવિઆણં ભત્તિ-જુત્તાણં, ૨ વીસા પણયાલા વિય, તીસા પન્નત્તરી જિણવરિંદા; ગહ-ભૂઅ-રક્ખ-સાઈણી, ઘોરૂવસગ્ગં પણાસંતુ. ૩ સત્તરિ પણતીસાવિય, સટ્ઠી પંચેવ જિણગણો એસો; વાહિ-જલ-જલણ-હરિ-કરિ, ચોરારિ-મહાભયં હરઉ. ૪ પણપન્નાય દસેવ ય, પન્નટ્ઠી તહય ચેવ ચાલીસા; રક્ખંતુ મે સરીરં, દેવાસુર-પણમિઆ સિદ્ધા, ૫ ૐ હરહુંહઃ સરસુંસઃ, હરહુંહઃ તહય ચેવ સરસુંસઃ; આલિહિય-નામ ગબ્ભં, ચક્કં કિર સવ્વઓભદ્દં. ૬ ૐ રોહિણી પન્નત્તી, વજ્જસિંખલા તહય વજ્જઅંકુસિઆ; ચક્કેસરી નરદત્તા, કાલી મહાકાલી તહ ગોરી. ૭ ગંધારી મહજ્જાલા, માણવી વઈરુટ્ટ તહય અચ્છુત્તા; માણસી, મહા-માણસિઆ, વિજ્જાદેવીઓ રક્ખંતુ. ૮ પંચદસ કમ્મભૂમિસુ, ઉપ્પન્નંસત્તરિં જિણાણસયં; વિવિહ-રયણાઈ-વન્નો,-વસોહિ-અં હરઉ દુરિઆઈં. ૯ ચઉતીસ અઇસય-જુઆ, અટ્ઠ-મહા-

પાડિહેર-કયસોહા; તિત્થયરા ગયમોહા, ઝાએઅવ્વા પયત્તેણં. ૧૦ ૐ વરકણય સંખવિદુમ,-મરગય ઘણસંનિહં વિગયમોહં; સત્તરિસયં જિણાણં. સવ્વામર-પૂઇઅં વંદે સ્વાહા. ૧૧ ૐ ભવણવઈ વાણવંતર, જોઇસવાસી વિમાણવાસી અ; જે કેવિ દુટ્ઠ-દેવા, તે સવ્વે ઉવસમંતુ મમં સ્વાહા. ૧૨ ચંદણકપ્પૂરેણં, ફલએ લિહિઊણ ખાલિઅં પીઅં; એગંતરાઈ-ગહ-ભૂઅ, સાઇણિ-મુગ્ગં પણાસેઈ. ૧૩ ઇઅ સત્તરિસયં જંતં, સમ્મં મંતં દુવારિ-પડિલિહિઅં; દુરિઆરિ વિજયવંતં, નિબ્ભંતં નિચ્ચ-મચ્ચેહ. ૧૪

## ૫. નમિઊણસ્તોત્રમ્. (પંચમં સ્મરણમ્)

નમિઊણ પણયસુરગણ, ચુડામણિકિરણરંજિઅં મુણિણો; ચલણ-જાઅલં મહાભય,-પણાસણં સંથવં વુચ્છં. ૧ સડિય-કર ચરણ. નહ-મુહ, નિબુડ્ડ-નાસા વિવન્ન લાયન્ના; કુઠ્ઠમ-હારોગાનલ, ફુલિંગ-નિદ્દડ્ઢ-સવ્વંગા. ૨ તે તુહ ચલણારાહણ, સલિલંજલિ-સેય-વુડ્ઢિયચ્છાયા; વણદવ-દડ્ઢા ગિરિ-પાયવ વ્વ પત્તા પુણો લચ્છિં. ૩ દુવ્વાય-ખુભિય-જલનિહિ, ઉબ્ભડ કલ્લોલ ભીસણારાવે; સંભંત-ભય-વિસંઠુલ-નિજ્જામય મુક્ક-વાવારે. ૪ અવિદલિ અ-જાણવત્તા, ખણેણ પાવંતિ ઈચ્છિઅં કૂલં; પાસજિણ-ચલણ-જુઅલં, નિચ્ચં ચિઅ જે નમંતિ નરા. ૫ ખરપવણુદ્ધુય-વણદવ, જાલાવલિ મિલિય-સયલદુમગહણે; ડજ્ઝંત મુદ્ધ-મયવહુ, ભીસવણરવ-ભીસણંમિ વણે. ૬ જગગુરૂણો કમજુઅલં, નિવ્વાવિઅ સયલ-તિહુઅણાભોઅં; જે સંભરંતિ મણુઆ, ન કુણઈ જલણો ભયં તેસિં. ૭ વિલસંત-ભોગ-

ભીસણ, કુરિઆરૂણનયણ–તરલજીહાલં; ઉગ્ગ–ભુઅંગં નવ–જલય–સત્થહં ભીસણાયારં. ૮ મન્નંતિ કીડ-સરિસં, દૂર-પરિચ્છુઢ વિસમ-વિસ–વેગા; તુહ નામ ક્ખર-ફુડસિદ્ધ, મંત-ગુરૂઆ નરા લોએ. ૯ અડવીસુ; ભિલ્લ–તક્કર,-પુલિંદ–સદ્દુલ–સદ્–ભીમાસુ; ભયવિહુર-વુન્નકાયર, ઊલ્લુરિય-પહિય-સત્થાસુ. ૧૦ અવિલુત્ત વિહવ–સારા, તુહ નાહ પણામ–મત્ત–વાવારા; વવગય-વિગ્ઘા સિગ્ઘં, પત્તા હિય-ઇચ્છિયં ઠાણં. ૧૧ પજ્જ-લિઆનલ–નયણં, દૂર–વિયારિઅમુહં મહાકાયં; નહકુલિસ-ઘાય વિઅલિઅ–ગઈંદ કુંભત્થલા-ભોઅં. ૧૨ પણય–સસંભમ-પત્થિવ, નહમણિ-માણિક્કપડિઅ-પડિમસ્સ; તુહ વયણ–પહર-ણધરા, સીહં કુદ્ધં પિ ન ગણંતિ ૧૩ સસિ-ધવલ દંત-મુસલં, દીહ–કરૂલ્લાલ વુઢ્ઢિ ઉચ્છાહં; મહુપિંગ-નયણજુઅલં, સસલિલ-નવ-જલહરારાવં. ૧૪ ભીમં મહાગઈંદં, અચ્ચાસન્નંપિ તે ન વિગણંતિ, જે તુમ્હ ચલણ–જુઅલં, મુણિવઇ! તુંગં સમલ્લીણા. ૧૫ સમરમ્મિ તિક્ખખગ્ગા,-ભિગ્ઘાય–પવિદ્ધ–ઉધ્ધુય–કબંધે; કુંત–વિણિભિન્ન–કરિકલહ-મુક્ક–સિક્કાર-પઉરંમિ. ૧૬ નિજ્જિઅ-દપ્પુદ્ધર-રિઉ, નરિંદનિવહા ભડા જસં ધવલં; પાવંતિ પાવ–પસમિણ, પાસજિણ! તુહપ્પભાવેણ. ૧૭ રોગ–જલ-જલણ-વિસહર, ચોરારિ મઈંદ-ગય રણભયાઇં; પાસજિણ-નામ-સંકિત્તણેણ, પસમંતિ સવ્વાઈં. ૧૮ એવં મહા–ભયહરં, પાસ–જિણિંદસ્સ સંથવ–મુઆરં; ભવિય જણાણં–દયરં, કલ્લાણ—પરંપર—નિહાણં. ૧૯ રાયભય– જક્ખ-રક્ખસ–કુસુમિણ– દુસ્સઉણ–રિક્ખ– પીડાસુ; સંઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહય રયણીસુ. ૨૦ જો પઢઇ

અ નિસુણઈ, તાણું કઈ ણો ય માણતુંગસ્સ; પાસો પાવં પસમેઉ, સયલ-ભુવણ-ચ્ચિય-ચ્ચલણો. ૨૧ ઉવસગ્ગંતે કમઠા-સુરમ્મિ ઝાણાઓ જો ન સંચલિઓ; સુર-નર-કિન્નર-જુવઇહિં, સંથુઓ જયઉ પાસજિણો. ૨૨ એઅસ્સ મજ્ઝ-યારે, અટ્ઠારસ-અક્ખરેહિં જો મંતો; જો જાણઈ સો ઝયઇ, પરમ-પયત્થં ફુડં પાસં. ૨૩ પાસહ સમરણ જો કુણઇ, સંતુટ્ઠે હિયએણ; અટ્ઠુત્તરસય-વાહિ-ભય, નાસેઇ તસ્સ દૂરેણ. ૨૪

## ૬. શ્રી અજિતશાંતિસ્તવનમ્ [ષષ્ઠં સ્મરણમ્]

અજિઅં જિઅ-સવ્વભયં, સંતિં ચ પસંત-સવ્વગય-પાવં; જયગુરૂ સંતિગુણકરે, દોવિ જિણવરે પણિવયામિ. ૧ ગાહા.

વવગય-મંગુલભાવે, તે હં વિઉલતવ-નિમ્મલસહાવે; નિરૂવમ—મહપ્પભાવે, થોસામિ સુદિટ્ઠસબ્ભાવે. ૨. ગાહા.

સવ્વદુક્ખપ્પસંતીણં, સવ્વપાવપ્પસંતિણં; સયા અજિ-અસંતીણં, નમો અજિઅસંતીણં. ૩. સિલોગો.

અજિઅજિણ ! સુહપ્પવત્તણં, તવ પુરિસુત્તમ ! નામ-કિત્તણં; તહય ધિઇપઇપ્પવત્તણં; તવ ય જિણુત્તમસંતિ ! કિત્તણં. ૪. માગહિઆ.

કિરિઆ-વિહિ-સંચિઅ-કમ્મ—કિલેસ-વિમુક્ખયરં, અજિ-અં નિચિઅં ચ ગુણેહિં મહામુણિ-સિદ્ધિગયં; અજિઅસ્સ ય

સંતિ મહામુણિણો વિઅ સંતિકરં, સયયં મમ નિવ્વુઇ-કારણયં ચ નમંસણયં ૫ આલિંગણયં.

પુરિસા! જઇ દુક્ખવારણં, જઇ ય વિમગ્ગહ સુક્-ખકારણં; અજિઅં સંતિં ચ ભાવ-ઓ, અભયકરે સરણં-પવજ્જહા. ૬ માગહિઆ.

અરઉ-રઈ તિમિર-વિરહિઅ-મુવરય જરમરણં, સુર-અસુર-ગરૂલ-ભુયગવઈ-પયય-પણિવઈયં; અજિઅમહમવિ અ સુનયનય-નિઉણ-મભયકરં, સરણ મુવસરિઅ ભુવિ-દિવિજ મહિઅં સયયમુવણમે ૭ સંગયયં.

તં ચ જિણુત્તમ મુત્તમ નિત્તમ-સત્તધરં, અજ્જવ મદ્દવ-ખંતિવિમુત્તિ-સમાહિનિહિં; સંતિકરં પણમામિ દમુ-ત્તમ-તિત્થયરં, સંતિ મુણી મમ સંતિસમાહિવરંદિસઉ. ૮ સોવાણયં.

સાવત્થિ-પુવ્વપત્થિવં ચ, વરહત્થિ-મત્થયપસત્થ વિચ્છિ-ન્નસંથિયં; થિર-સરિચ્છવચ્છં, મયગલ-લીલાયમાણ-વરગંધહત્થિ-પત્થાણપત્થિયંસંથવારિહં; હત્થિ-હત્થબાહું ધંતકણગરૂઅગ-નિરૂવહયપિંજરં પવર-લક્ખણોવચિઅ-સોમ-ચારૂ-રૂવં, સુઈ-સુહ મણાભિરામ-પરમ-રમણિજ્જ-વરદેવદુંદુહિ-નિનાય-મહુરયર-સુહગિરં. ૯ વેડ્ઢઓ.

અજિઅં જિઆરિગણં, જિઅ-સવ્વભયં ભવોહરિઉં; પણમામિ અહં પયઓ, પાવં પસમેઉ મે ભયવં. ૧૦ રાસાલુદ્ધઓ.

કુરૂજણુવય-હત્થિણાઉર—નરીસરો પઢમં તઓ મહા-ચક્કવટ્ટિભોએ મહપ્પભાવો, જો બાવત્તરિ—પુરવર-સહસ્સવરનગર—નિગમ-જણુવયવઈ, બત્તીસારાયવરસહસ્સાણુયાયમગ્ગો; ચઉદસવરરયણ-નવ મહાનિહિ ચઉસટ્ઠિ-સહસ્સ પવરજુવઈણ સુંદરવઈ, ચુલસી-હય-ગય—રહસયસહસ્સસામી છન્નવઈ—ગામ-કોડિ—સામી આસી જો ભારહંમિ ભયવં. ૧૧ વેડ્ઢઓ.

તં સંતિં સંતિકરં, સંતિણ્ણં સવ્વભયા; સંતિં થુણામિ જિણં, સંતિં વિહેઉ મે. ૧૨. રાસાનંદિયં.

ઈક્ખાગ વિદેહનરીસર નરવસહા મુણિવસહા, નવસારય—સસિસકલાણણ વિગયતમા વિહુઅરયા; અજિઉત્તમ—તેઅ ગુણેહિં મહામુણિ અમિઅબલા વિઉલકુલા, પણમામિ તે ભવ ભય—મૂરણ જગસરણા મમ સરણં. ૧૩ ચિત્તલેહા.

દેવ-દાણ-વિંદ-ચંદ—સૂર—વંદ હટ્ઠ—તુટ્ઠજિટ્ઠ-પરમ, લઠ્ઠ—રૂવ—ધંત—રૂપ્પ—પટ્ટ—સેઅ—સુદ્ધ નિદ્ધ-ધવલ; દંતપંતિ સંતિ ! સત્તિ—કિત્તિ મુત્તિ જુત્તિ-ગુત્તિ-પવર, દિત્તતેઅ—વંદ ધેય સવ્વલોઅભાવિઅપ્પભાવણે અ પઇસ મે સમાહિં. ૧૪ નારાયઓ.

વિમલસસિ-કલાઇરેઅ—સોમં, વિતિમિરસૂર—કરાઇરેઅ-તેઅં; તિઅસવઈ-ગણાઈરેઅ—રૂવં, ધરણિધરપ્પવરાઈરેઅ—સારં. ૧૫ કુસુમલયા.

સત્તે અ સયા અજિઅં, સારીરે અ બલે અજિઅં; તવ સંજમે અ અજિઅં, એસ થુણામિ જિણં અજિઅં. ૧૬ ભુઅગપરિરિંગિઅં.

સોમગુણેહિ પાવઈ ન તં નવ–સરય–સસી, તેઅ–ગુણેહિં પાવઈ ન તં નવ–સરય–રવી; રૂવગુણેહિં પાવઇ ન તં તિઅસ–ગણવઇ, સારગુણેહિં પાવઇ ન તં ધરણિધરવઇ. ૧૭ ખિજ્જિઅયં.

તિત્થવર પવત્તયં તમરય, રહિઅં, ધિરજણ થુઅચ્ચિઅં ચુઅકલિ-કલુસં; સંતિસુહ પ્પવત્તયં તિગરણ પયઓ, સંતિમહં મહામુણિં સરણમુવણમે. ૧૮ લલિઅયં.

વિણઓણય-સિરરઇ-અંજલિ-રિસિગણ-સંથુઅં થિમિઅં, વિબુહાહિવ-ધણવઈ-નરવઇથુઅ-મહિ અચ્ચિઅં બહુસો; અઈરૂગ્ગય—સરય–દિવાયર–સમહિઅ–સપ્પભં તવસા. ગયણં–ગણ–વિયરણ–સમુઇઅ–ચારણવંદિઅં સિરસા. ૧૯ કિસલયમાલા.

અસુર-ગરૂલ-પરિવંદિઅં, કિન્નરોરગ-નમં-સિઅં, દેવ-કોડિસય-સંથુઅં, સમણસંઘ-પરિવંદિયં. ૨૦ સુમુહં.

અભયં અણુહં, અરયં અરૂયં; અજિયં અજિઅં, પયઓ પણમે. ૨૧ વિજ્જુવિલસિઅં.

આગયા વરવિમાણ-દિવ્વકણગ-રહ-તુરય–પહકરસએહિં હુલિઅં, સસંભમોઅરણ ખુભિ અ-લુલિય-ચલ-કુંડલં ગય-તિરીડ–સોહંત–મઉલિમાલા. ૨૨ વેડ્ઢઓ.

જં સુરસંઘા સાસુરસંઘા, વેરવિઉત્તા ભત્તિસુજુત્તા, આયરભૂસિઅ સંભમપિંડિઅ સુટ્ઠુસુવિમ્હિઅ-સવ્વબલોઘા, ઉત્તમ–કંચણ-રયણ-પરૂવિઅ-ભાસુર-ભૂસણ–ભાસુરિઅંગા, ગાય-સમોણય-ભત્તિ-વસાગય-પંજલિ પેસિય–સીસ–પણામા. ૨૩ રયણમાલા.

વંદિઊણ થોઊણ તો જિણં, તિગુણમેવ ય પુણો પયાહિણં, પણમિઊણ ય જિણં સુરાસુરા, પમુઇઆ સભવણાઇં તો ગયા. ૨૪ ખિત્તયં.

તં મહામુણિમહંપિ પંજલી, રાગદોસ–ભય-મોહવજ્જિયં, દેવ-દાણવ-નરિંદ–વંદિઅં, સંતિમુત્તમં–મહાતવં નમે. ૨૫ ખિત્તયં.

અંબરંતર–વિઆરણિઆહિં, લલિઅ–હંસવહુ–ગામિણિઆહિં, પીણ–સોણિથણ–સાલિણિઆહિં, સકલકમલદલલોઅણિઆહિં. ૨૬ દીવયં.

પીણ-નિરંતર-થણભર વિણમિય–ગાયલઆહિં, મણિકંચણ-પસિઢિલ-મેહલ-સોહિઅ–સોણિતડાહિં; વરખિંખિણિનેઉર–સતિલય-વલય-વિભૂસણિઆહિં, રઇકર–ચઉર-મણોહરસુંદર–દંસણિઆહિં. ૨૭ ચિત્તક્ખરા.

દેવસુંદરીહિં પાયવંદિઆહિં, વંદિઆય જસ્સ તે સુવિક્કમા કમા; અપ્પણો નિડાલએહિં મંડણોડ્ડણપ્પગારએહિં કેહિં કેહિં વિ, અવંગ-તિલય-પત્તલેહનામએહિં ચિલ્લએહિં સંગયંગયાહિં, ભત્તિસન્નિવિટ્ઠ–વંદણાગયાહિં હુંતિ તે વંદિઆ પુણો પુણો નારાયઓ. ૨૮ તમહં જિણચંદં, અજિઅં જિઅમોહં; ધુઅસવ્વકિલેસં, પયઓ પણમામિ. નંદિઅયં ૨૯ થુઅવંદિઅયસ્સા રિસિગણદેવગણેહિં, તો દેવવહુહિં પયઓ પણમિઅસ્સા; જસ્સ જગુત્તમસાસણઅસ્સા, ભત્તિવસાગયપિંડિયઆહિં, દેવવરચ્છરસા બહુઆહિં, સુરવરરઇગુણપંડિયઆહિં. ભાસુરયં ૩૦ વંસસદ્દતંતિતાલમેલિએ,

તિલક્ખરાભિરામસદ્દમીસએ કએ અ, સુઇસમાણણે અ સુદ્ધસજ્જગીઅપાયજાલઘંટિઆહિં, વલયમેહલાકલાવનેઉરાભિરામસદ્દમીસએકએ અ, દેવ નટ્ટિઆહિં હાવભાવવિબ્ભમપ્પઆરએહિં, નચ્ચિઉણ અંગહારએહિં, વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા, તયં તિલોય-સવ્વસત્તસંતિકારયં, પસંત સવ્વ–પાવ-દોસમેસહં નમામિ સંતિમુત્તમં જિણં. ૩૧ નારાયઓ.

છત્ત ચામર-પડાગ-જુઅ-જવ-મંડિઆ, ઝયવરમગર-તુરય-સિરિવચ્છ-સુલંછણા, દીવસમુદ્દ-મંદર દિસાગય-સોહિયા, સત્થિઅ-વસહસીહ-રહ-ચક્ક-વરંકિયા. ૩૨ લલિઅયં.

સહાવલટ્ઠાસમપ્પઇટ્ઠા, અદોસદુટ્ઠા ગુણેહિં જિટ્ઠા; પસાયસિટ્ઠા, તવેણપુટ્ઠા, સિરીહિં ઇટ્ઠા રિસીહિં જુટ્ઠા. ૩૩ વાણવાસિઆ.

તે તવેણ ધુઅ-સવ્વપાવયા, સવ્વલોઅહિઅમૂલ–પાવયા; સંથુઆ અજિઅ-સંતિપાયયા, હુંતુ મે સિવસુહાણ દાયયા. ૩૪ અપરાંતિકા.

એવં તવ–બલ–વિઉલં, થુઅં મએ અજિઅ-સંતિ જિણ-જુઅલં; વવગય-કમ્મ-રયમલં, ગઈં ગયં સાસયં વિઉલં. ૩૫ ગાહા.

તં બહુગુણપ્પસાયં, મુક્ખસુહેણ પરમેણ અવિસાયં; નાસેઉ મે વિસાયં, કુણઉ અપરિસાવિ અ પસાયં. ૩૬ ગાહા.

તં મોએઉ અ નંદિં, પાવેઉ અ નંદિસેણ મભિનંદિં; પરિસાવિ અ સુહ–નંદિં, મમ ય દિસઉ સંજમે નંદિં. ૩૭ ગાહા.

પક્ખિઅ ચાઉમ્માસિઅ, સંવચ્છરિએ અવસ્સ ભણિઅવ્વો; સોઅવ્વો સવ્વેહિં, ઉવસગ્ગ–નિવારણો એસો. ૩૮

જો પઢઇ જો અ નિસુણઇ, ઉભઓ કાલંપિ અજિઅ-સંતિ–થયં; નહુ હુંતિ તસ્સ રોગા, પુવ્વુપ્પન્ના વિ નાસંતિ. ૩૯

જઇ ઇચ્છહ પરમપયં, અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે; તા તેલુક્કુદ્ધરણે, જિણવયણે–આયરં કુણહ. ૪૦

## ૭. ભક્તામર સ્તોત્રમ્ (સપ્તમં સ્મરણમ્)

માતા વામાદે બોલાવે જમવા પાસને રે, જમવા વેળા થઈ છે રમવાને શીદ જાય, તાતજી વાટ જુએ છે, બહુ થાયે ઉતાવળા રે, વેલા હીંડોને ભોજનીયા ટાઢાં થાય. માતા૦ ॥૧॥ માતાના વચન સુણીને જમવાને બહુ પ્રેમ શું, બુદ્ધિ બાજોઠ ઢાળી બેઠાં બહુ હુંશીયાર, વિનય થાલ અજુઆળી, લાલન આગળ મુકીયો રે, વિવેક વાટકીઓ શોભાવી થાળ મઝાર. માતા૦ ॥૨॥ સમકિત શેલડીના છોલીને પીતાં મુકીયા રે, દાનના દાડિમ દાણા ફોલી આપ્યાં ખાસ, સમતા સીતાફલનો રસ પીજો બહુ રાજીયા, જુકિત જામફળ કેરાં આરોગોને આજ. માતા૦ ॥૩॥ કરૂણા કેરી મીઠીને રસ વેલડી, કર્મના કેળાં ને વળી માંહે ખીમા ખાંડ, ભેળા જમીએ રસીયા પ્રેમે પકવાન પીરસું, ભાવે ઘીમાં તળીયાં રખે રાખતા છંદ. માતા૦ ॥૪॥ પ્રભુને મન મોતૈયાને, ગુણ ગણવડાં પીરસ્યાં, પ્રેમના પેંડા જમજો, માન વધારણ કાજ, જાણપણાની જલેબી ખાતાં ભાંગે ભુખડી, દયા દુધપાક અમીરસ આરોગોને આજ. માતા૦ ॥૫॥ મારા લાડકડાને શીયલની શેવો મન ગમી, સમતા સાકર ઉપર ભાવસું ભેલ્યું ઘૃત, ભકિત ભજીયાં પીરસ્યાં, પાસ કુમારને પ્રેમશું, અનુભવ અથાણાં આખોને રાખી શરત. માતા૦ ॥૬॥ રૂચી રાયતા કેરી આગમ તુમને ઘણી હતી, પ્રભાવના રૂપી પુડલાનો ચમકાર; ચતુરાઈ ચુરમાનો લાડવો ભાવે ભાવે હોંશશું, દાક્ષિણ્યતા રૂપી દાળ તણો

નહીં પાર. માતા૦ ॥૭॥ સરવા શીરો ને વલી પુન્યની પુરી પામીએ, સંવેગ શાક તણો જે હરખ હવેજી સાર, રસ રોટલીઓ કુળી થોડી થોડી લીજીએ, વિચાર વડીઓ વધારી, તીખી તમ તમ કાજ. માતા૦ ॥૮॥ પ્રભુને પ્રેમના પાપડ જમતાં પોચા લાગશે, ચીત્તના ચોખા ઓસાવ્યા અણીઆલા જિમ ફૂલ; ઇંદ્રિય દમન દુધ તપ તાપે તાતું કરી, હલવા હલવા જીમજો, જગજીવન અમફુલ. માતા૦ ॥૯॥ અષ્ટ સિદ્ધિ વાસના અમૃતજલ પીધાં ઘણાં, તત્ત્વના તંબોલ આપે પ્રભાવતી મનરંગ, શીયલ સોપારી ચુરી અક્કલ એલાયચી આપીને, તાતજી સાથે ચાલે પાસ કુંવર અભંગ. માતા૦ ॥૧૦॥ પ્રભુના થાલ તણો અર્થ, ગાયે શીખે ને સાંભળે, ભેદભેદાંતર સમજે જ્ઞાની તેહ કહેવાય; પન્યાસ ગુમાન વિજયનો શિષ્ય કહે કર જોડીને, સૌભાગ્યવિજય ભાવે ગુણ ગાય સદાય. માતા૦ ॥૧૧॥

---

## શ્રી ઋષભદેવનું પારણું

શ્રી જીન વનમાં જઈ તપ કરે, ફરીયા માસ છ માસ; તપતાં તપતાં રે પુરમાંહિ, આવ્યા વહોરવા કાજ. પ્રથમ જીનેશ્વર પારણું. ॥૧॥ વિનિતા નગરી રળીયામણી, ફરતા શ્રી જીનરાજ; ગલીયે ગલીયે જો ફરે, વહોરાવે નહિ કોઈ આહાર. પ્રથમ૦ ॥૨॥ હાલી હાલેરૂં ફેરવે બળદ ધાન્ય જ ખાય; હાલી મારે રે મુરખો, તે દેખે જીનરાજ. પ્રથમ૦ ॥૩॥ સીંકલી સારી રે શોભતી, કરી આપે જીન-

રાજ; બળદને શિંકા બંધાવીયા, ઉદયે આવ્યા એ આજ. પ્રથમ૦ ॥૪॥ હાથી ઘોડાને પાલખી, લાવી કર્યા રે હજુર; રથ શણગાર્યા રે શોભતા, લ્યો લ્યો કે વળી શૂર. પ્રથમ૦ ॥૫॥ થાળ ભર્યો સગ મોતીડે, ઘુમર ગોતડી ગાય; વીરા વચને રે ઘણું કરે, તે લે નહિં લગાર. પ્રથમ૦ ॥૬॥ વિનિતા નગરીમાં વેગશું, ફરતા શ્રી જીનરાજ; શેરીયે શેરીયે રે જો ફરે, આપે નહિ કોઈ આહાર. પ્રથમ૦ ॥૭॥ હરિશ્ચંદ્ર સરિખો રે રાજવી, સુતારા સતી નાર; માથે લીધો રે મોરીઓ, નીચ ઘેર પાણીડા જાય. પ્રથમ૦ ॥૮॥ સીતા સરખી રે મહાસતી, રામ લક્ષ્મણ હોય જુદ્ધ; કર્મે કીધાં રે ભમતડાં, બાર વરસ વન દુઃખ. પ્રથમ૦ ॥૯॥ કર્મ તો કેવળીને નડયાં, મૂકયા લોહી જ ઠામ; કર્મથી ન્યારા રે જે હુવા, પહોંચ્યા શીવપુર ઠામ. પ્રથમ૦ ॥૧૦॥ કર્મે સુધાકર સુરને, ભમતો કર્યો દિનરાત; કર્મે કરણી જેવી કરી, જંપે નહિં તિલ માત્ર. પ્રથમ૦ ॥૧૧॥ વિનિતા નગરી રળીયામણી, માંહિ છે વર્ણ અઢાર; લોક કોલાહલ ઘણો કરે, કંઈ ન લે મહારાજ. પ્રથમ૦ ॥૧૨॥ પ્રભુજીને તિંહા ફરતા થકાં, માસ ગયા દશ હોય; ત્યાં કને અંતરાય તુટશે, પામશે આહાર જ સોય. પ્રથમ૦ ॥૧૩॥ શ્રી શ્રેયાંસ નરેશ્વરૂ, બેઠા ચોબારા બાર; પ્રભુજીને ફરતારે નીરખીયા, વહોરાવે નહિ કોઈ આહાર, પ્રથમ૦ ॥૧૪॥ શ્રી શ્રેયાંસ નરેશ્વરૂ, મોકલ્યા સેવક સાર; પ્રભુજી પધારોરે પ્રેમ શું, છે સૂજતો આહાર. પ્રથમ૦ ॥૧૫॥ સો દશ ઘડા તિહાં લાવીયા, શેરડીના રસનોરે આહાર; પ્રભુજીને વહો-

રાવે પ્રેમશું, વહોરાવે ઉત્તમ ભાવ. પ્રથમ૦ ॥૧૬॥ કર પાત્ર જ તિંહાં માંડીયા, સગજ ચઢી અધા નાસ; છાંટો એક ન ભૂમિ પડે, ચોત્રીશ અતિશય સાર. પ્રથમ૦ ॥૧૭॥ પ્રથમ પારણું તિહાં કર્યું, દેવ બોલ્યા જય જય કાર; ત્યાં કને વૃષ્ટિ સોના તણી, થઇ કોડી સાડારે બાર. પ્રથમ૦ ॥૧૮॥ શ્રી શ્રેયાંસ નરેશ્વરૂ, લેશે મુક્તિનો ભાર; જ્યોતમેં જ્યોતિરે જળે મળે, ફરી એ નાવે સંસાર. પ્રથમ૦ ॥૧૯॥ સંવત અઠ્ઠારક શોભતું, વર્ષ એકાણું જાણ; સાગરચંદ્ર કહે શોભતું, પારણું કીધું પ્રમાણ. પ્રથમ૦ ॥૨૦॥ જે એ શીખે એ સાંભળે, તેને અભિમાન ન હોય; તે ઘેર અવિચળ વધામણા, લેશે શીવપુર સોય. પ્રથમ૦ ॥૨૧॥.

## શ્રી જિન પ્રતિમાનું સ્તવન.

જેહને જિનવરનો નહિં જાપ, તેહનું પાસુ ન મેલે પાપ; જેહને જિનવર શું નહિં રંગ, તેહનો કદી ન કીજે સંગ૦ ॥૧॥ જેહને નહિ વ્હાલા વીતરાગ, તે મુક્તિનો ન લહે તાગ; જેહને ભગવંત શું નહીં ભાવ, તેહની કુણ સાંભળશે રાવ૦ ॥૨॥ જેહને પ્રતિમા શું નહીં પ્રેમ, તેહનું મુખડું જોઈએ કેમ, જેહને પ્રતિમાશું નહિ પ્રિત, તે તો પામે નહિ સમકિત૦ ॥૩॥ જેહને પ્રતિમાંશું વેર, તેહની કહો શી થાશે પેર; જેહને જિન પ્રતિમા નહિં પૂજ્ય, આગમ બોલે તેહ અપૂજ્ય૦ ॥૪॥ નામ સ્થાપના દ્રવ્યને ભાવ, પ્રભુને પૂજો લહી પ્રસ્તાવ; જે નર પૂજે જિનના બિંબ, તે લહે અવિચલ પદ અવિલંબ૦ ॥૫॥ પૂજા છે મુક્તિનો પંથ,

નિત્ય નિત્ય ભાંખે એમ ભગવંત; સહિ એક નરક વિના નિરધાર, પ્રતિમા છે ત્રિભુવનમાં સાર૦ ॥૧૬॥ સત્તર અઠ્ઠાણું અસાઢી બીજ, ઉજ્જવલ કીધું છે બોધિબીજ; ઇમ કહે ઉદયરત્ન ઉવજ્ઝાય, પ્રેમે પૂજે પ્રભુના પાય૦ ॥૧૭॥

## શ્રી મહાવીર સ્વામીનું પારણું.

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે, ગાવે હાલો હાલો હાલરૂવાનાં ગીત; સોના રૂપાને વળી રત્ને જડિયું પારણું, રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત; હાલો હાલો હાલો હાલો મારા નંદને૦ ॥૧॥ જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસે અંતરે, હોશે ચોવીસમો તીર્થંકર જિત પરિણામ; કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભળી, સાચી સાચી હુઈ તે મારે અમૃતવાણ. હાલો૦ ॥૨॥ ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ, વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રી રાજ; જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર, તેહને વચને જાણ્યા ચોવિસમા જિનરાજ; મારી કુખે આવ્યા તારણ તરણ જહાજ, હું તો પુન્ય પનોતિ ઇંદ્રાણી થઈ આજ. હાલો૦ ॥૩॥ મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ, સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય; એ સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજનાં, તે દિન સંભારૂ ને આનંદ અંગ ન માય. હાલો૦ ॥૪॥ કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે, તેહથી નિશ્ચય જાણ્યા જિન-વર શ્રી જગદીશ; નંદન જમણી જંઘે લંછન સિંહ

બિરાજતો, મેં તો પહેલે સુપને દીઠો વિશવા વીશ. હાલો૦ ॥૫॥ નંદન નવલા બંધવ નંદિવર્દ્ધનના તમે, નંદન ભોજાઈઓના દીયર મારા લાડકા; હસશે ભોજાઈઓ કહિ દીયર મારા લાડકા, હસશે રમશેને વળી ચુંટી ખણશે ગાલ, હસશે રમશેને વળી ઠુંસા દેશે ગાલ. હાલો૦ ॥૬॥ નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો, નંદન નવલા પાંચસેં મામીના ભાણેજ છો; નંદન મામલીયાના ભાણેજા સુકુમાલ, હસશે હાથે ઉછાલી કહીને નાના ભાણેજા; આંખો આંજીને વળી ટપકું કરશે ગાલ. હાલો૦ ॥૭॥ નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં, રત્ને જડીયાં ઝાલર મોતી કસબી કોર; નીલાં પીળાં ને વળી રાતાં સર્વેં જાતિના, પહેરાવશે મામી માહરાનંદ કિશોર. હાલો૦ ॥૮॥ નંદન મામા મામી સુખડલી બહુ લાવશે, નંદન ગજુવે ભરશે લાડુ મોતિચૂર; નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં, નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર. હાલો૦ ॥૯॥ નંદન નવલા ચેડા મામાની સાતે સતી, મારી ભત્રીજી ને બેન તમારી નંદ; તે પણ ગુંજે ભરવા લાખણસાઈ લાવશે, તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ. હાલો૦ ॥૧૦॥ રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો, વલી સૂડા મેના પોપટ ને ગંજરાજ; સારસ હંસ કોયલ તેતરને વલી મોરજી, મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો૦ ॥૧૧॥ છપ્પન કુમરી અમરી જલ કલશે નવરાવિયા, નંદન તમને અમને કેલી ઘરની માંહિં; ફુલની વૃષ્ટિ કીધી યોજન એકને

માંડલે, પ્રભુ ચિરંજીવો આશીષ દીધી તુમને ત્યાંહિ. હાલો૦ ॥૧૨॥ તમને મેરૂ ગિરિ પર સુરપતિએ નવરાવિયા, નિરખિ નિરખિ હરખી સુકૃત લાભ કમાય; મુખડા ઉપર વારૂ કોટિ કોટિ ચંદ્રમા, વલી તન પર વારૂ ગ્રહ ગણુનો સમુદાય. હાલો૦ ॥૧૩॥ નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું, ગજ પર અંબાડી બેસાડી મહોટે સાજ; પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગર વેલશું, સુખડલી લેશું નિશાળીઆને કાજ. હાલો૦ ॥૧૪॥ નંદન નવલા મોટા થાશોને પરણાવશું, વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર; સરખા વેવાઇ વેવાણને પધરાવશું, વર વહુ પોંખી લેશું જોઈ જોઈને દેદાર. હાલો૦ ॥૧૫॥ પીયર સાસરા મારા બેહું પખ નંદન ઉજળા, મહારી કૂખે આવ્યા તાત પનોતા નંદ; મારે આંગણ વૂઠા અમૃત દૂધે મેહુલા; મહારે આંગણે ફળીયા સુરતરુ સુખના કંદ. હાલો૦ ॥૧૬॥ ઈણિ પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું, જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ, બીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરૂં; જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હાલો૦ ॥૧૭॥

---

## પુંજારત્ન ઋષિનો રાસ.

મહાવીરના પાય નમું, ધ્યાન ધરૂં નિશદિશ; તીરથ વર્તે જેહનો, વરસ સહસ એકવીશ. ॥૧॥ સાધુ સાધ સહુકો કહે, પણ સાધુ છે વિરલા કોઈ; દુઃસમ કાલે દોહિલો,

સબલ પુણ્ય મિલઈ સોય. ॥૨॥ પણ તપ જપની ખપ કરે, પાલે પંચાચાર; સૂત્રે બોલ્યો સાધુ તે, વંદનીક વ્યવહાર. ॥૩॥ ભલા દાન શીલ ભાવના, પિણ તપ સરિખો નહીં કોય; દુઃખ દીજઇ નિજ દેહને, વાતે વડા ન હોય. ॥૪॥ મુનિવર ચૌદ હજાર મેઈ, શ્રેણીક સભા મઝાર, વીર જિણંદ વખાણીઓ, ધન ધન ધન્નો અણુગાર. ॥૫॥ વાસુદેવ કરે વિનતિ, સાધુ છે સહસ અઢાર; કોણુ અધિકે જિનવર કહે, ઢંઢણુ ઋષિ અણુગાર. ॥૬॥ એ તપસી આગઇ હુઆ, પણ હવે કહું પ્રસ્તાવ; આજ નઈ કાલઈ એહવા, પુન્જા ઋષિ મહાનુભાવ. ॥૭॥ શ્રી પાર્શ્વચંદ્રના ગચ્છ માંહે, એ પુન્જો ઋષિ આજ; આપ તરે ને પરને તારવે, જેમ વડ સફરી જહાજ. ॥૮॥ પુન્જો ઋષિ પૃચ્છા પરમ, સંયમ લીધો સાર; કીધાં તપ જપ આકરાં, તે સુણજો અધિકાર. ॥૯॥

## ઢાલ—૧

ગુજરાત માંહિ રાતિજ ગામ, કરડુઆ પટેલ ગોત્રનો નામ; બાપ ગોરો માતા ધનબાઈ, ઉત્તમ જાતિ નહીં ખોટ કાંઈ. ॥૧૦॥ શ્રી પાર્શ્વચંદ્ર સૂરિ પાટ, સમરચંદ્ર સૂરિ, શ્રી રાજચંદ્ર સૂરિ વિમલચંદ્ર સનૂરિ, તેહના વચન સુણિ પ્રતિબુદ્ધો, સંસાર અસાર જાણ્યો અતિસુદ્ધો. ॥૧૧॥ વૈરાગઈ આપણો મન વાલ્યૌ, કુટુંબ માયા મોહ જંજાલ હાલ્યો, સંવત સોલઈસે સીત્તરા વર્ષે, સંયમ લીનો સદ્ગુરુ પરખઈ ॥૧૨॥ દીક્ષા મહોત્સવ અમદાવાદઈ, શ્રાવકે

કીધો નવલે નાદે, પુગ્જો ઋષિ શુદ્ધો વ્રત પાલઇ, દૂષણ સઘલા દૂરઈ ટાલઈ. ॥૧૩॥ એ પુગ્જો ઋષિ સૂજતો લ્યે આહાર, ન કરૈ લાલચ લોભ લગાર, ઋષિ પુગ્જો અતિ રૂડો હોવઈ, શાસન માંહે શોભ ચઢાવઇ. ॥૧૪॥ તેહના ગુણ ગાતાં મન માંહિ, આનંદ ઉપજે અતિ ઉચ્છાંહિ, જીભ પવિત્ર હુવે જસ ભણતાં, શ્રવણ પવિત્ર થાયે સાંભલતાં. ॥૧૫॥

## ઢાલ—૨

ઋષિ પુગ્જો તપ કીધો તે કહું, સાંભલજો સહુ કોઈ રે, આજ નહિં કાલઇ કરઈ કુણ એહેવા, પણ અનુમોદન થાઈ રે ॥૧૬॥ ચાલીશ ઉપવાસ કીધા પહિલા, આઠ અંતિમ ચોવિહાર રે; માસ ક્ષમણ કીધા દોઇ મુનિવર, વીસ વીસ બે વાર રે. ॥૧૭॥ પક્ષ ક્ષમણ પેંતાલીસ કીધાં, સોલ કીધા સોલ વાર રે, ચૌદ ચૌદ વાર જ કીધાં, તેર તેર કર્યાં સાર રે. ॥૧૮॥ બાર બાર બારહ વાર કીધા, દસ દસ ચઉ ચૌવિસ રે, બેસો પંચાસ અઠાઈ કીધી, મન સંવેગ શું મેલ રે. ॥૧૯॥ છઠ કીધા વળી સીત્તેર દિન લગે, પારણે છાસિ આહાર રે, તે માંહિ પણ એક અઠાઈ, કીધી ઇણ અણગાર રે. ॥૨૦॥ બાસઠ દિન તાંઈ છઠ કીધી, પારણાઈ છાસિ આહાર રે; બાર વરસ લગે વિગય ન લીધી, ઋષિ પુગ્જાને સાબાસ રે. ॥૨૧॥ વરસ પાંચ લગે વસ્ત્ર ન ઓઢર્યો, સહ્યો પરિસહ સીત રે, સાઢા પાંચ વરસ સીમ આઢો, સૂતો નહીં સુવિહિત રે. ॥૨૨॥ અભિગ્રહ એક

કીધો વલી એહવો, ચિઠિ લખી તીહાં એમ રે; ચાર જણી પૂજા કરી ઇહાં, તો ઘી વહિરાવઈ સુપ્રેમ રે. ॥૨૩॥ તો પુગ્જો ઋષિ લે નહિંતર, જાવ જીવતાંઇ સુંસ રે; તે અભિગ્રહ ત્રીજે વર્ષે ફલીઓ, શ્રી સંઘની પહુંચઈ હુંસ રે. ॥૨૪॥ ઈણ પરિ તેહ અભિગ્રહ પહુતો, તે સાંભલજો વાત રે, અહમદાવાદી સંઘ નરોડઇ, વાંદવા ગયો પરભાત રે. ॥૨૫॥ તિણ અવસર કુલાં ગમતાંદે, જીવી રાજુલદે ચાર રે; પૂજા કરી વાંદી વિહરાયો, સૂજતો ઘી સુવિચાર રે. ॥૨૬॥ મોટો લાભ થયો શ્રાવિકાને, ટાલ્યો તિહાં અંતરાય રે; ઇણ ચિંહુને મનવંછીત ફલનો, અંતરાય નવિ થાય રે. ॥૨૭॥ વલિ ધન્ના અણગાર તણો તપ, કીધો નવ માસી સીમ રે, તે માંહિ બે અઠ્ઠાઇ ઉપવાસ, ચાર અઠ્ઠમ ચાર નીમ રે. ॥૨૮॥ છ માસ સીમ અભિગ્રહ કીધા, કોઇ ફલ્યો ઉપવાસ ચાર રે, ઉપવાસ સોલ ફલ્યો કોઇ, એહ તપનો અધિકાર રે. ॥૨૯॥ છઠ્ઠ અઠ્ઠમ આકરા તપ કીધાં, ઋષિ પુગ્જો વલિ જેહ રે, તેહ તણી કહું વાત કેતી, કહેતાં નાવે છેહ રે. ॥૩૦॥ અઠ્ઠાવિસ વરસ લગિ તપ કીધાં, તે સઘલા કહ્યા એમ રે, આગલ વલિ કરસ્યૈ ઋષિ પુગ્જો, તે આણી સઈ તેમ રે. ॥૩૧॥

## ઢાલ—૩

પુંજરાજ મુનિવર વંદો, મન ભાવ મુનિસર સોહે રે; ઉગ્ર કરઈ તપ આકરો, ભવિયણ જન મન મોહે રે. ॥૩૨॥ ધન કુલ કલંબિ જાણીયઇ, બાપ ગોરો તે પણ

ધન્ય રે; ધન્ય ધન્નાબાઇ કુખડી, તિહાં ઉપન્યો એહ રતન રે. ॥૩૩॥ ધન્ય વિમલચંદ્ર સૂરિ જિણે, દીક્ષા દીધી નિજ હાથ રે, ધન્ય શ્રી જયચંદ્ર ગચ્છ ધણી, જસુ સાહુ રહે એ પાસ રે. ॥૩૪॥ આજ તો તપસી એહવો, પુણ્ય ઋષિ સરિખો ન દીસઇ રે; તેહને વંદતાં વિહરાવતાં, હરખે કરી હિયડો હીંસઈ રે. ॥૩૫॥ એક બે વૈરાગી એહવા, શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છ માંહિ સદાઈ રે; ગરૂઅડ બાઢઇ ગચ્છ માંહિ, શ્રી પાર્શ્વચંદ્ર સૂરિની પુણ્યાઈ રે. ॥૩૬॥ સંવત સોલ અઠાણુઅઈ, શ્રાવણ પંચમી અજુઆલઈ રે; રાસ ભણ્યો રલિયામણો, શ્રી સમયસુંદર ગુણ ગાઈ રે. ॥૩૭॥ સંપૂર્ણ.

## શ્રી શાન્તિનાથજીનું સ્તવન.

શાન્તિકુમાર સોહામણા રે, હુલરાવે અચિરા માય રે, મ્હારો નાનડીયો. તુજ આગે ઇંદ્રો નમે રે, ઇંદ્રાણી પ્રણમે પાય રે. મા૦ હુ૦ ॥૧॥ છપ્પન દિશિ કુમરી મલી રે, નવરાવી તુજ સાથ રે; બાંધી સર્વ શુભ ઓષધી રે, રક્ષા પોટલી હાથ રે. મા૦ હુ૦ ॥૨॥ કુલ ધ્વજ કુલ ચૂડામણિ રે, અમકુલ કાનન મેહ રે; તુજ ઈડા પીડા પડો રે, ખારા સમુદ્રને છેહ રે. મા૦ હુ૦ ॥૩॥ આવી બેસો ગોદમાં રે, બીડું હૃદય મોઝાર રે; રમઝમ કરતો ઘુઘરો રે, આલ્યો મુજ પ્રાણ આધાર રે. મા૦ હુ૦ ॥૪॥ લો લાડકડા સુખડી રે, સાકર દ્રાખ બદામ રે; મરૂકડલો કરી મોહને રે, રૂપે જીત્યો કામ રે. મા૦ હુ૦ ॥૫॥ મુખ

સુષમા જિમ ચંદ્રમા રે, જીભ અમીરસ નાલ રે; આંખડી અંબુજ પાંખડી રે, વાંકડી ભમુહ વિચાલ રે. મા૦ હું૦ ॥૬॥ દંત પંતિ હિરા તતિ રે, અધર પ્રવાલી રંગ રે; વદન કનક કજ શોભા વિચે રે, માંનુ જડીયા નંગ રે. મા૦ હું૦ ॥૭॥ ખમા ખમા તુજ ઉપરે રે; હું વારિ વાર હજાર રે; સુર ગિરિ જીવન જીવજો રે, વધજો તુજ પરિવાર રે. મા૦ હું૦ ॥૮॥ તુજ પગલે કુરૂ દેશમાં રે, વરતી જીવ અમારી રે; જગજીવન જિન તાહરે રે, ગુણ ગાયે સુર નારિ રે. મા૦ હું૦ ॥૯॥

---

## શ્રી નેમનાથનું સ્તવન.

તોરણથી રથ પાછો જાયરે રાજુલબેની, તોરણથી રથ પાછો જાય; માંડવેથી જાન પાછી જાયરે રાજુલબેની, તોરણથી રથ પાછો જાય૦ ॥૧॥ ઘણુંએ મનાવ્યું તોયે માને જરીના, કેટ કેટલું કીધું તોયે કાને ધરેના; લાખ લાખ ઉપાયરે, રાજુલબેની તોરણ૦ ॥૨॥ નારી પ્રીતિ એણે નહીં પીછાની, સ્નેહની વાત તો એને નહીં સમજાણી; લાખેણી પલ વીતી જાયરે. રાજુલબેની તોરણ૦ ॥૩॥ પશુડા પોકારે એનું કાળજું કોરાણું, નારીનું અંતર નહિં ઓળખાણું; કુમળી કળી કરમાયરે. રાજુલ. તોરણ૦ ॥૪॥ લગ્ન તણી એણે વરમાળા તોડી, કોડ ભરી કન્યા તરછોડી; માંડવામાં દીવડા બુઝાયરે, રાજુલ-બેની તોરણ૦ ॥૫॥ તોરણથી વર ભલે જાયરે સાહેલી મોરી, તોરણથી વર ભલે જાય; માંડ-

વેંથી જાન ભલે જાયરે સાહેલી મોરી, તોરણુથી વર ભલે જાય૦ ॥૬॥ દેશો નહી એને દોષ લગીરે, રાખશો ના કોઈ રોષ લગીરે; લેખ લખ્યાના ભુંસાયરે. સાહેલી મોરી. તોરણુ૦ ॥૭॥ સંસારની એને નહોતીરે માયા, અણુગમતી તાપે આ વીતી કાયા; પીત પરાણે ના થાયરે સાહેલી, તોરણુ૦ ॥૮॥ માનવી એતો મોટારે મનના, પાડે નહીં કદી ભેદ જીવનના; દિલમાં દયા ઉભરાયરે, સાહેલી, તોરણુ૦ ॥૯॥ આવીને કામ કર્યું ઉપકારી, પશુડા સંગાથે એણે મુજને ઉગારી; તુમથી નહિં સમજાયરે સાહેલી, તોરણુ૦ ॥૧૦॥ જાઓ ભલે મારા ભવો ભવના સ્વામી, તુમ પગલે નવું જીવન પામી; અંતરમાં અજવાળાં થાયરે. સાહેલી તોરણુ૦ ॥૧૧॥

## શ્રી મલ્લીનાથનું સ્તવન.

### દ્વારાપુરીનો નેમ રાજીયો (એ. દેશી)

પ્રભુ મલ્લિ જીણુંદ શાંતિ આપજો, ટાળજો મારા ભવોદધિના પાપરે; દયાળુ દેવાપ્રભુ૦ ॥૧॥ વીતરાગ દેવને વંદુ સદા, બાલ બ્રહ્માચારી પ્રભુજી જગ વિખ્યાતરે, પ્રભુજી મોરા, મલ્લિ. અકલ અચલને અવિકારીનું, કષાય મોહ નથી જેને લવલેશરે. પ્રભુજી મોરા મલ્લિ૦ ॥૨॥ સર્પડસ્યો મને ક્રોધનો, રગે રગે વ્યાપ્યુ તેનું વિષરે, પ્રભુજી. માન પત્થર સ્તંભ સરીખો, તેણે કીધો છે મને જડવાનરે. પ્રભુજી મોરા મલ્લિ૦ ॥૩॥ માયા ડાકણુ વળગી છે મને, આપ વિના કોઈ નહિ મને છોડાવણુ હારરે. પ્રભુજી મોરા. લોભ સાગરમાં

ડુબું રે પડયો, ડુબી ગયો છું ભવ દુઃખ અપારરે. પ્રભુજી મોરા. મલ્લિ૦ ॥૪॥ આપ શરણે હું હવે આવીયો, રક્ષણ કરજો મારૂં તુમે જગનાથરે, પ્રભુજી મોરા; અરજ સુણો આ દાસની, જ્ઞાનવિમળ કહે પ્રભુજી તારણહાર તમે. મલ્લિ૦ ॥૫॥

## શ્રી નવપદજીનું સ્તવન.

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજેજી, વિધિ પૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતિક છીજે. ભવિયણ ભજીએજી, અવર અનાદિની ચાલ, નિત્ય નિત્ય તજીએજી (એ આંકણી) ॥૧॥ દેવનો દેવ દયાકર ઠાકર, ચાકર સુરનર ઈંદાજી; ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જીન ચંદા. ભ. અ૦ ॥૨॥ અજ અવિનાશી અકલ અજરામર, કેવલ દંસણ નાણીજી; અવ્યાબાધ અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ભવિ પ્રાણી. ભ. અ૦ ॥૩॥ વિદ્યા સૌભાગ્ય લક્ષ્મિ પીઠ, મંત્ર યોગ રાજ પીઠજી; સુમેરૂપીઠ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઈષ્ટ. ભ. અ૦ ॥૪॥ અંગ ઉપાંગ નંદી અનુયોગા, છ છેદને મૂલ ચારજી; દસ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર. ભ. અ૦ ॥૫॥ વેદ ત્રણને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ ચાર કષાયજી; ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથી ત્યજે મુનિરાજ. ભ. અ૦ ॥૬॥ ઉપશમ ક્ષય ઉપશમ ક્ષાયિક, દરશણ ત્રણ પ્રકારોજી; શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીયે વારંવાર. ભ. અ૦ ॥૭॥ અઠ્ઠાવિસ ચૌદ ને ખટ દુગ એક, મત્યાદિકના જાણુજી;

એમ એકાવન ભેદે પ્રણમો, સાતમું પદ વરનાણ. ભ. અ૦ ॥૮॥ નિર્વૃતિં અપવર્તિં ભેદે, ચારિત્ર છે વ્યવહારેજી, નિજગુણ થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર. ભ. અ૦ ॥૯॥ બાહ્ય અભ્યંતર તપને સવંર, સુમતા નિર્જરા હેતુજી; તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાયરમાં સેતુ. ભ. અ૦ ॥૧૦॥ એ નવ પદમાં પણ છે ધર્મીં, ધર્મ તે વરતે ચારજી; દેવ ગુરૂને ધર્મ તે એહમાં; દો તીન ચાર પ્રકાર. ભ. અ૦ ॥૧૧॥ મારગ દેશક અવિનાશપણો, આચાર વિનય સંકેતજી; સાહ્યપણું ધરતાં સાધુજી, પ્રણમો એહિજ હેતુજી. ભ. અ૦ ॥૧૨॥ વિમલેશ્વર યક્ષ સેવા સારે, ઉત્તમ જે આરાધેજી, પદ્મવિજય કહે તે ભવિ પ્રાણી, નિજ આતમ હિત સાધે. ભ. અ૦ ॥૧૩॥

## શ્રી ગોડી પાર્શ્વનાથનું સ્તવન.

તજો માન માયા ભજો ભાવ આણી, વામાનંદને સેવીએ સાર જાણી, જુઓ નાગ ને નાગણી નાથ ધ્યાને, પામ્યા શક્રની સંપદા બોધિ દાને૦ ॥૧॥ વસ્યા પાટણે કાલ કે તો ધરામાં, પધાર્યા પછી પ્રેમશું પારકરમાં, થલીમાં વલી વાસ કીધો વિચારી, પૂરે લોકની આશ ત્રૈલોક્ય ધારી૦ ॥૨॥ ધરી હાથમાં લાલ કબાણ રંગે, ભીડી ગાતડી રાતડી નીલ અંગે; ચઢી નીલડે તેજીએ વિઘ્ન વારે, ધાઇ વહારે પંથ ભુલા સુધારે૦ ॥૩॥ જેણે પાસ ગોડી તણો રૂપ જોયો, તેણે કર્મના પાસનો જોર ખોયો; જેણે પાસ ગોડી તણા

પાય પૂજ્યા, શત્રુ સર્વથા તેહના સર્વ ધ્રુજ્યા૦ ॥૪॥ સહુ દેવ દેવી હુઆ આજ ખોટા, પ્રભુ પાસના એકલા કર્મ મોટા; ગોડી આપજોરે નવખંડ ગાજે, જેથી શાકિણી ડાકિણી દૂર ભાંજે ॥૫॥ પૂરે કામના પાસ ગોડો પ્રસિદ્ધો, હેલા મોહ રાજા જેણે જોર કીધો; મહા દુષ્ટ દુર્દાન્ત જે ભૂત ભુંડા, પ્રભુ નામે પામે સર્વે વાસ ગુડા૦ ॥૬॥ જરા જન્મ મહા રોગના મૂલ કાપે, આરાધ્યો સદા સંપદા શુદ્ધિ આપે; ઉદયરત્ન ભાંખે નમો પાસ ગોડી, નાંખો નાથજી દુઃખની જાલ તોડી૦ ॥૭॥

---

## શ્રી દીવાલીનું સ્તવન.

ધન ધન મંગલ એરે સકલ, દિનુ પૂજી પ્રભાતે ચાલીરે; આજ મારે દીવાલી અજૂવાલી૦ ॥૧॥ ગાવો ગીત વધાવો ગુરૂને, મોતીડે થાલ પૂરાવો, ચાર ચાર આગે ચતુર સોહાગણ, ચરણ કમળ ચિત્ત સારી રે; આજ૦ ॥૨॥ ધન ધુઓ ધન તેરસ દિને, કાલે કાલો ચૌદસ; પાપ હણીજે પોસો કીજે, કર્મ મેલ સવિ ટાલીરે. આજ૦ અમાવાસકી પરવ દીવાલી, ફરતી ઝાક ઝમલી; ઘર ઘરતો દીવડીયા ઝલકે, રાત દીસે અજુઆલીરે૦ ॥૪॥ અમાવાસકી પાછલી રાતે, આઠ કરમ સહુ ટાલી; શ્રી મહાવીર નીર્વાણે પહોત્યા, અજરામર સુખકારીરે. આજ૦ ॥૫॥ પડવાને દિન જુહાર પટોલાં, એ રીત રૂડી સારી; ગુરૂ ગૌતમના ચરણ પખાલી, રીજ પામી રઢીઆલીરે, આજ૦ ॥૬॥ બીજે તો વલી

ભાવડ બીજ, બેનરડી અતિ વહાલી; એ પાંચે દિન હોયરે પનોતા, એવે એવે હરખે ગાઈરે. આજ૦ ॥૭॥ હરખવિજય પંડિત એમ બોલે, કરો સહુ સેવસુંવાલી; રૂપવિજય પંડિત ગુણ ગાવે, જય જય વાજે તાલીરે. આજ૦ ॥૮॥

## શ્રી સીમંધર સ્વામીનું વિનતિ રૂપ સ્તવન.

### સોહું લાલ બને અગ્નિ સંગે. (એ દેશી)

સ્વસ્તિ શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં, જિહાં રાજે તીર્થંકર વીશ, તેને નામું શીશ, કાગળ લખું કોડથી૦ ॥૧॥ સ્વામી જઘન્ય તીર્થંકર વીશ છે, ઉત્કૃષ્ટા એકસો સીત્તેર, તેમાં નહિ ફેર૦ ॥કાગળ॥ ॥૨॥ સ્વામી બાર ગુણે કરી યુક્ત છે, અંગે લક્ષણ એક હજાર; ઉપર આઠ સાર૦ કાગળ૦ ॥૩॥ સ્વામી ચોત્રીશ અતિશયે રાજતા, વાણી પાંત્રીશ વચન રસાલ, ગુણો તણી માળ૦ કાગળ૦ ॥૪॥ સ્વામી ગંધ હસ્તી સમ ગાજતા, ત્રણ લોક તણા પ્રતિપાળ; છો દીન દયાળ૦ કા૦ ॥૫॥ સ્વામી કાયા સુકોમળ શોભતી, શોભે સુવર્ણ સમાન વાન, કરૂં હું પ્રણામ૦ કાગળ૦ ॥૬॥ સ્વામી ગુણ અનંતા છે તાહરા, એક જીભે કહ્યા કેમ જાય, લખ્યા ન લખાય૦ કાગળ૦ ॥૭.। ભરત ક્ષેત્રથી લિખીતંગ જાણજો, આપ દર્શન ઈચ્છક દાસ, રાખું તુમ આશ૦ કા૦ ॥૮॥ મેં તો પૂર્વે પાપ કીધાં ઘણાં, જેથી આપ દર્શન રહ્યો દુર, ન પહોંચુ હજુર૦ કા૦ ॥૯॥ મારા મનમાં સંદેહ અતિ ઘણા, આપ વિના કહ્યા કેમ જાય, અંતર અકળાય૦

કા૦ ॥૧૦॥ આડા પહાડ પર્વત ને ડુંગરા, તેથી નજર નાખી નવ જાય, દરશન કેમ થાય. કાગલ૦ ॥૧૧॥ સ્વામી કાગલ પણ પહોંચે નહિં, નવિ પહોંચે સંદેશો કે સાંઇ, હુંતો રહ્યો આંહિ. કાગલ૦ ॥૧૨॥ દેવે પાંખ દીધી હોત પીઠમાં, તો ઉડી આવું દેશાવર દુર, તો પહોંચુ હજુર. કાગલ૦ ॥૧૩॥ સ્વામી કેવળ જ્ઞાને કરી દેખજો, મારા આતમના છો આધાર, ઉતારો ભવ પાર. કાગલ. ॥૧૪॥ ઓછું અધિકું ને વિપરીત જે લખ્યું, માફ કરજો જરૂર જીનરાજ, લાગું તુમ પાય. કાગલ૦ ॥૧૫॥ સંવત (૧૮૫૩) અઢાર તેપન્નની સાલમાં, હરખે હર્ષવિજય ગુણ ગાય, પ્રેમે પ્રણમું પાય. કાગલ૦ ॥૧૬॥.

---

# શ્રી સજઝાય સંગ્રહ.

## શ્રી વિજયદેવસુરિકૃત સજઝાય.

### આરતિ સબ દુરે કરીએ. (એ રાગ)

વીર જીનેશ્વર પાય નમી, કહીસ્યું સુત્રાધાર, એક મને કરતા સહી, ભાઈ લહીયે હો ભવ સાગર પાર૦ ॥૧॥ સૂત્ર તહત્ત સદહો કરી, મત રાચો હો ગાડરી પ્રવાહિ, કુમતિ કદાગ્રહ છંડ જો, આલોચો હો નિજ હિયા માંહિ સૂત્ર૦ ॥૨ સૂત્ર વિરૂદ્ધ જે દાખીયો, તે પાસથ્થાની રીત; તે સાંભળીને ટાળજો, જીન શાસને હો છે જેહની પ્રીત. સૂત્ર૦ ॥૩॥ શીલવતી રાજીમતી, સકલ મહાવ્રત ધાર;

સાધુ ન વંદે તેહને, આરાધે હો અવતિ નાર. સૂત્ર૦ ॥૪॥ પડિક્કમણામાંહિ કિમ કરે, સાધુ દેવી આધાર; ડાહ્યા કાંઈ દોહેલો તુમે, એતો પડીઓ ગચ્છાચાર. સૂત્ર૦ ॥૫॥ યક્ષ દેવીની થુઇ કહી, અવગ્રહ માંહે જાય; તિણે ઉપાશ્રયે જેસે, જીન શાસનિ હો સાધુ ન હોય. સૂત્ર૦ ॥૬॥ દેવીનો કાઉસગ્ગ કરે, મન ચિંતે નવકાર; અન્ય નિમંત્રી અવરને, જીમાડે, તે એ કવણુ આચાર. સૂત્ર૦ ॥૭॥ ઈહ લોકારથી કાઉસગ્ગે, ભાંજે જિનવર આણ; ભૂયાન્મે સુખદાયિની, કાંઇ છલીયા હો ક્ષેત્ર દેવી સુજાણ. સૂત્ર૦ ॥૮॥ પડિક્કમણે આલોઈએ, જે કાંઈ કર્યો મિથ્યાત; જો તિહાં તેહીજ માંડીએ, તો ભેલીયે હો વચ્છનાગની વાત. સૂત્ર૦ ॥૯॥ જીનવરના શ્રાવક થયા, આણંદાદિક જેહ; એનમોર્હંત્ વિના, કિમ કરતાં હો આવશ્યક તેહ. સૂત્ર૦ ॥૧૦॥ નમોર્હંત્ સિદ્ધ જિણે કર્યો, એ ઉત્સૂત્ર અપાર; ગચ્છ બાહિર તે કાઢિયો, કાંઇ લાગો હો તુમે તેહની લાર. સૂત્ર૦ ॥૧૧॥ સૂત્ર વિરૂદ્ધ પરંપરા, પાસથ્થાની જાણી; દુષ્ટ ક્રિયા તે છાંડતાં, મત આણો હો મન માંહિ કાંઇ. સૂત્ર૦ ॥૧૨॥ જો પાસથ્થા માનીયે, કાંઇ છાંડિ ધનપતિ; જો પરિગ્રહ છંડયો કહ્યો, તો કહીઓ કિહાંક મિથ્યાત. સૂત્ર૦ ॥૧૩॥ ચૈત્યવંદન મુખે ઉચરે, વદે યક્ષત્ર ઘણું; કિસ્યું કહીએ ઇહાં હવે, ચેતો હો ચતુર સુજાણ. સૂત્ર૦ ॥૧૪॥ ચૌમાસી પુનમ દિને, ભગવઇ અંગ વિચારિ; પાખી ચૌદશી દીન કહી, તે ન કરે હો કિમ તરે સંસાર. સૂત્ર૦ ॥૧૫॥ પંચમી પર્વ સંવત્સરી, બોલ્યા શ્રી જગનાહ; તેહ વિરોધે મઠપતિ, એ રૂલશેહો ભવસાગર

માંહિ. સૂત્ર૦ ॥૧૬॥ પાસથ્થાની પરંપરા, જો માનીજે શ્રાદ્ધ; તો પંચ મહાવ્રત ભંજવા, એણિ કારણે હો કિમ સરશે કાજ. સૂત્ર૦ ॥૧૭॥ બોલ વિરૂદ્ધ ઘણા ઇસ્યા, નહિ કહણનો જોગ; તિલ માંહિ કાલા કેટલા, તે જોયો હોજે પંડિત લોક. સૂત્ર૦ ॥૧૮॥ ખોટે મૂલમે મઠપતિ, લોક મુશે નિશ દિશ; તે હિત કારણ મેં કહ્યો; મત આણજો હો કોઇ મનમેં રીશ. સૂત્ર૦ ॥૧૦॥ ગચ્છાચાર અનેક છે, તે જાણો સહુ કોઇ; શ્રી જિન સૂત્ર આરાધજો; જીમ તુમને હો અવિચલ સુખ હોઇ. સૂત્ર૦ ॥૨૦॥ શ્રી વિજય દેવ સૂરિ એમ કહે, પાલો આગમ પ્રમાણ; સૂત્ર વિરૂદ્ધને છાંડજો, જીમ પામો હો શીવપુર ઠામ. સૂત્ર૦ ॥૨૧॥ સંપૂર્ણ.

---

## શ્રી ઉપદેશની સજઝાય.

સાર નહીં રે સંસારમાં, કરો મનમાં વિચારજી; નેત્ર ઉઘાડીને જોઇએ, કરીએ દૃષ્ટિ પસારજી૦સાર૦ ॥૧॥ જાગ જાગ ભવિ પ્રાણીયા, આયુ ઝટ ઝટ જાયજી; વખત ગયો ફરી નહિ આવશે, કારજ કાંઇ ન થાયજી ૦સાર૦ ॥૨॥ દશ દૃષ્ટાંતે દોહિલો, પામી નર અવતારજી; દેવ ગુરૂ જોગ પામીને, કરીએ જન્મ સુધારજી૦ સાર૦ ॥૩॥ મારૂં મારૂં કરી જીવતું; ફરીઓ સઘળે ઠાણજી; આશા કોઇ ફળી નહિં, પામ્યો સંકટ ખાણજી ૦સાર૦ ॥૪॥ માતા પિતા સુત બંધવા, ચઢતી સમે આવે પાસજી; પડતી સમે કોઇ નવિ રહે,

દેખો સ્વારથ સારજી. ॰સ॰॥ ॥૫॥ રાવણ સરિખારે રાજવી, લંકાપતિ જેહ કહાયજી; ત્રણ જગત માંહિ ગાજતો, ધરતો મન અભિમાનજી ॰સાર॰ ॥૬॥ અંત સમય ગયાં એકલાં, નહીં ગયું કોઇ સાથજી; એવું જાણીને ધર્મ કીજીએ, હોશે ભવજળ પારજી ॰સાર॰ ॥૭॥ મોહ નિદ્રાથી જાગીને, કરો ધર્મ શું પ્રેમજી; એવી સૌભાગ્યની વાણીને, ધારો મન શું પ્રેમજી ॰સાર॰ ॥૮॥ સંપૂર્ણ,

---

## શ્રી આધ્યાત્મિક સજ્ઝાય.

કાયા પુરી નગરીનો હંસલો, ત્યાં ઘેર ધર્મનો વાસરે; નોકારસી નામ ધરાવીએ, પોરસીએ ફર્યા પચ્ચખાણરે. સતીને શીયળવંતી બુઝવે॰ ॥૧॥ એકાસણું એ નરનું બેસણું, નિવિએ નવ સેરો હાર રે; આંબિલ કાનની ટોડડી, ઉપવાસ ઝમકતી ઝાળરે. સતીરે॰ ॥૨॥ તેલાએ ત્રિભુવન મન મોહી રહયે, પંચમે મોહી ગુજરાત રે; અઠ્ઠાઇ એ આઠ કર્મ ક્ષય કર્યા, દશ ભેદે તરીએ સંસાર રે. સતી॰ ॥૩॥ પંદરે પદિમતિનું બેસણું, માસ ખમણે મુક્તિનો વાસરે; દોઢ દોઢ માસ ક્ષમણ જે કરે, તસ ઘેર નવ નિધિ હોયરે. સતી॰ ॥૪॥ ગિરનારે રાજુલ સતી એમ ભણે, સીતાને સૈયર કરીશરે; કંકુને કાજલ ઘાટડી, અખંડ હેવાતન હોશેરે. સતી॰ ॥૫॥ કર જોડી હંસ વિજય એમ ભણે, આપો આપો મુક્તિનો વાસરે; ફરી ફરી ન આવું ગર્ભાવાસમાં, આ ભવ પાર ઉતારોરે. સતી॰ ॥૬॥

## શ્રી ઉપદેશની સજ્ઝાય.

કોરા કાગળની પુતળી, મન તું મેરા રે; તેને ફાટતાં ન લાગે વાર, સમજ મન મેરારે, ॥૧॥ કાચો તે કુંભ જળે ભર્યો, મનતું મેરારે, તેને ફાટતાં ન લાગે વાર. સમજ૦ ॥૨॥ ગડ લાકડાં ગાડુ ભર્યું, મન તું; ખોખરી હુની તેની સાથ. સમજ૦ ॥૩॥ ઘરની લુગાઈ ઘર લગી. મનતું; આંગણા લગી સગી માય. સમજ૦ ॥૪॥ શેરી લગે સાજન ભલા. મનતું; સીમ લગે કુટુંબ પરિવાર. સમજ૦ ॥૫॥ સમશાન લગે સગો બંધવો; મન તું; પછી હંસ એકિલો જાય. સમજ૦ ॥૬॥ સુંદર વર્ણી ચેહ બલે, મનતું તેનો ધૂમાડો આકાશે જાય. સમજ૦ ॥૭॥ કોઇ નદી કોઇ સીમમાં. મનતું; કોઇ સમુદ્રમાં જાય. સમજ૦ ॥૮॥ પાંચ આંગલીએ પુન્ય પાપ. મનતું; અંતે સખાઇ થાય. સમજ૦ ॥૯॥ પંડિત હરખ વિજય તણો, મનતું; ઋષભ કહે કર જોડ સમજ૦ ॥૧૦॥ સંપૂર્ણ.

---

## શ્રી આત્મા વિષે સજ્ઝાય.

આતમ રામ કહે ચેતના સમજો, શ્વાસ સુધીની સગાઇ; શ્વાસો-શ્વાસ જ્યારે રમી જશે ત્યારે, ઉભા ન રાખે ભાઈ રે; જમડા જોઇ રહયો છે લટકાળીરે, આમળો મેલી દેને મચકાળી૦ ॥૧॥ સંસાર માયા દૂર કરીને, આતમધ્યાન લગાઈ; મોતની નોબત માથે ગાજે છે, ધર્મ કરોને સખાઈરે. જમડા૦ ॥૨॥ સુખ છે સ્વપ્નને દુઃખ છે દરિયો, શી કરવી

સંસારે સગાઈ; દુઃખનો દરિયો છળી વળે ત્યારે, આવે ત્યાં કોણુ સખાઈરે. જમડા૦ ॥૩॥ પોતાના આવે ત્યારે પ્રાણુ જ પાથરે ને, પારકા આવે ત્યારે કારી; વારે વારે હું તો થાકી ગઈ છું, હળવે બોલોને હો ઠારીરે. જમડા૦ ॥૪॥ પોતાના મરે ત્યારે પછાડીઓ ખાતીને, કુટતી મુઠીઓ વાળી; પારકા મરે ત્યારે પિતાંબર પહેરતી, નાકમાં ઘાલતી વાળીરે. જમડા૦ ॥૫॥ પોતાના મરે ત્યારે પીડા થતીને,થાતી શોક સંતાપ વાળી; પારકા મરે ત્યારે પ્રીત ધરીને, હાથમાં દેતી તાળીરે. જમડા૦ ॥૬॥ સગા સંબંધી ભેગા મળીને, પાછળથી કરશે ભવાઇ; દાન દીયંતા એને ધ્રુજ છુટતી, કીધી ન કમાણીરે. જમડા૦ ॥૭॥ ફણી ધર થઈને ફુંફાડા મારશે, ઉપર ધનને દાટી; જમડા પાસે જોર નહીં ચાલે, ડાકલી જાશે ફાટીરે. જમડા૦ ॥૮॥ આતમ રામ કહે ચેતના રાણી, સમજો શિખામણુ શાણી, આમલો મેલી જિન હર્ષ નમો તો, વરસે શિવ પટરાણી. જમડા૦ ॥૯॥ સંપૂર્ણ.

---

## શ્રી સીતાજીની સજ્ઝાય.

રાય જનકની પુત્રી જેનાં, રામ સમા ભરથાર, સીતા શીયલવંતીનાર; રાજ્ય તણા વૈભવ છોડીને, પતિ સંગે વન જાય; સીતા શીયલવંતીનાર. કુડ કપટથી રાવણુ એને, લંકામાં લઇ જાય; દુઃખ પડે પણુ કેઇ પ્રકારે, સતી ચલિત ન થાય. સીતા૦ ॥૧॥ રામની સાથે યુદ્ધ થયું ને, રણુમાં રાવણુ રોલાય; રામ લક્ષ્મણુની સંઘે સૌએ, નગરી અયોધ્યા

જાય. સીતા૦ ॥૨॥ સીતાને ત્યાં ગર્ભ રહયોને, સહુ આનંદે ફરતાં, નગરજનો પણ સતી વિષે, કંઇ ખોટી શંકા ધરતા. ॥૩॥ છ છ માસ રહી રાવણ ગૃહ, તે કેમ સતી મનાય; એવું સુણતાં ત્યાગ કર્યો, રામે સીતાનો ત્યાંય. ॥૪॥ રડતી રજળતી સતીએ વનમાં, બહુ વેદના સાંખી; વજ્રજંઘ રાજાએ એને; બહેન ગણીને રાખી. સીત૦ ॥૫॥ લવ કુશ નામે પુત્ર થાય બે, પરાક્રમી મહાબલીયા; મોટાં થતાં એ બન્ને રામની, સામે યુદ્ધે ચઢીયા. સીતા૦ ॥૬॥ પોતાના પુત્રોને દેખી, રામ ઘણું હરખાયા; અગ્નિ પરિક્ષા આપી સતીએ, સહુના વહેમ હઠયા. સીતા૦ ॥૭॥ પૂર્વ કર્મના બલે કરીને, સતી મહા દુઃખ પામી; સંયમ લઈ ને યશોભદ્ર કહે એ, ઉત્તમ ગતિને પામી. સીતા૦ ॥૮॥

---

## શ્રી ઈલાચી કુમારની સજ્ઝાય.

નટવો નાચે ચોકમાંને,લોક બજાવે તાલીરે; ઢમઢમ કરતી ઢોલ બજાવે; નટ કન્યા રૂપાળીરે. નટવો૦ ॥૧॥ ધનદત્ત શેઠ તણો લાડીલો; નામ ઈલાચી કુમાર; નટ કન્યા દેખીને મનમાં, પ્રગટચો મોહ વિકારરે. નટવો૦ ॥૨॥ એ કન્યા મેળવવા માટે, ઘર સામું નવ જોયું; નટવો થઈને નાચ્યો એણે; કુલનું ગૌરવ ખોયુંરે. નટવો૦ ॥૩॥ રાજા રીઝે ને ધન આપે, તો એ કન્યા પામે; નટના ટોળા સાથે ફરતો, એકથી બીજા ગામેરે. નટવો૦ ॥૪॥ રાજ તણા દરબારે જઈને, વિધ વિધ ખેલ બતાવે; લોક રીઝયા પણ રાય ન

રીઝયો, સહુને અચરજ થાવેરે. નટવો૦ ॥૫॥ ચોથી વખતે વાંસે ચઢતાં, નટ સમઝયો સહુ વાત; નટ કન્યા પર રાજા મોહયો, નટને‌ા ઈચ્છે ઘાતરે. નટવો૦ ॥૬॥ દૂર દૂર એક દૃશ્ય જોઈને, ચોટ હૃદયમાં લાગી; પદ્મિની મોદક વહોરાવે, સામે મુનિવર ત્યાગીરે. નટવો૦ ॥૭॥ ધન્ય જીવન આ મુનિવર કેરૂં, લેશ ન મોહ વિકાર; નટડી કાજે નાચું હુંતો, છે મુજને ધિક્કાર રે. નટવો૦ ॥૮॥ તેજ ક્ષણે કર્મો ભેદાયાં, કેવલી પોતે થાય; યશોભદ્ર ગણી એમ જ ગાવે, મુનિ ઈલાચી કુમારરે. નટવો૦ ॥૯॥ સંપૂર્ણ

---

## શ્રી કલાવતી સતીની સજ્ઝાય.

કલાવતી સોહાવે જગમાં, કલાવતી સોહાવે, વિજયસેનની પુત્રી એ તો, શીયલથી સુખ પાવે, જગમાં૦ ॥૧॥ રચ્યો સ્વયંવર કલાવતી ત્યાં, પ્રશ્નો ચાર પૂછાવે; દેવ કોણ ગુરૂ કોણ તત્ત્વ શું; સત્ય કોને કહાવે. જગમાં૦ ॥૨॥ શંખરાય પૂતલીની પાસે, ઉત્તર ત્યાં તો અપાવે; વીતરાગ એ દેવ મહાવ્રત, ધારી ગુરૂ કહાવે. જગમાં૦ ॥૩॥ જીવદયાએ તત્ત્વને ઇંદ્રિય, નિગ્રહ સત્ત્વ ગણાવે; ઉત્તર સાંભળી કલાવતી ત્યાં, વરમાલા પહેરાવે. જગમાં ॥૪॥ કલાવતીને ગર્ભ રહ્યોને, આઠ માસ જ્યાં થાવે; નિજ બંધુ ભગિનિને કાજે, બેરખા બે મોકલાવે. જગમાં૦ ॥૫॥ કલાવતી ભાઈને કાજે, પ્રેમલ શબ્દ સુણાવે; રાજા અવળો અર્થ લઇને, દીલમાં શંકા લાવે. જગમાં૦ ॥૬॥ વનમાં મોકલી રાજા સતીનાં,

બન્ને હાથ કપાવે; એ હાલતમાં રાણીને ત્યાં, પ્રસવ પુત્રનો થાવે. જગમાં૦ ॥૭॥ શીયલના પ્રભાવથી તેણી, હસ્ત નવીન પ્રગટાવે; પુત્રને લઈને તાપસની, સંગે તે વનમાં જાવે. જગમાં૦ ॥૮॥ રાય સત્ય વસ્તુ સમજીને, ખેદ અતિ દિલ લાવે; કલાવતીને શોધવા ચારે, તરફ દુતો દોડાવે. જગમાં૦ ॥૯॥ ભાલ મલી જ્યાં તેની રાજા, હર્ષ સહિત ઘેર લાવે; પુષ્પકળશ દઈ નામ પુત્રનું, જન્મોત્સવ ઉજવાવે. જગમાં ॥૧૦॥ અમિતતેજ મુનિ પાસે રાજા, રાણી બન્ને આવે; પૂર્વ કર્મનું સ્વરૂપ જાણવા, વિનતિ કરતા ભાવે. જગમાં૦ ॥૧૧॥ પૂર્વ જન્મમાં કલાવતીને, રાજપુત્રી બતલાવે; પોપટનો ભવ હતો રાયનો, મુનિવર એ સમજાવે. જગમાં૦ ॥૧૨॥ પોપટની પાંખો કાપીતી, તેનું ફલ તું પાવે; તેનો બદલો લેવા રાજા, તારા હાથ કપાવે. જગમાં૦ ॥૧૩॥ મુનિનો એ ઉપદેશ સુણી, વૈરાગ્ય અતિ દીલ લાવે; રાજા રાણી દીક્ષા લઈ ને, સ્વર્ગ માંહિ સીધાવે. જગમાં૦ ॥૧૪॥ તપગચ્છનાયક નેમિ સૂરિજી, સૂરિ વિજ્ઞાન સોહાવે; વાચક ગુરૂ કસ્તુર સાનિધ્યે, યશોભદ્ર ગુણ ગાવે. જગમાં૦ ॥૧૫॥

---

## શ્રી કોણિક પુત્રની સજઝાય.

### અણુસણ ખામણ કરે મુનિવર. (એ. દેશી)

કીયારે ભવનું પુત્ર તેં વેર, આ તે કેવું વાળ્યું; તારા પિતાને પિંજરમાં નાખીને, પેટ જ મારું બાળ્યું રે,

પુત્ર, કીયારે ભવનું૦ ॥૧॥ આવું ખુરૂ કામ કરતાં પાપી, તુજને લાજ ન આવી; બુદ્ધિને તેં કુબુદ્ધિ ઉપજાવી, રાજ્યના લોભે લલચાઈરે; પુત્ર, કીયારે૦ ॥૨॥ ગર્ભમાં આવતા તુજ માતાને, ઈચ્છા થઈ તે કેવી; તારા પિતાનું માંસ જ માંગ્યું, થઇ તુજ બુદ્ધિ એવીરે; પુત્ર કીયારે૦ ॥૩॥ પાપિષ્ટ સુત તારો જન્મ જ થાતાં, રીસ ચઢેલી મારી; ઉકરડામાં તુજને મેં નાંખ્યો,દુષ્ટ પુત્ર તું છે ધારીરે. પુત્ર, કીયારે૦ ॥૪॥ શ્રેણીક રાજાએ વાત જાણીને, તેમણે તુજને મંગાવ્યો; કુજાત એવો પુત્ર તું મારો, પ્રેમે તને હુલરાવ્યોરે પુત્ર. કીયારે૦ ॥૫॥ કરૂણા આવી તારી ઉપર, તેને માને તું ઉંધું; ફીટકાર છે પાપી પુત્ર તું મારો, કુલને કલંક તેં દીધુંરે; પુત્ર. કીયારે૦ ॥૬॥ કુપુત્ર જાણી કોયથી મેં તો, ઉકરડે નાંખી દીધો; તો પણ તારા પિતાએ રાખી, પ્રેમથી મોટો કીધોરે. પુત્ર. કીયારે૦ ॥૭॥ હર્ષ ધરે તું માહરી પાસે, તાતને પિંજર નાખી; લાજી મરૂં છું હું હવે તારાથી, વાત સુણી તારી આખીરે; પુત્ર. કીયારે૦ ॥૮॥ તને પિતા પર પ્રેમ ન આવ્યો, રાજ્ય લેવા તું ધાયો; સ્વાર્થ થકી તું જગમાં મહા પાપી, અપયશ અધિકો પાયોરે. પુત્ર. કીયારે૦ ॥૯॥ દુષ્ટ દુર્મુખ જા તું અહીંથી, તારૂં મુખ શું બતાવે; અપકીર્તિ ફેલાયે તારી, મુજ દુઃખ જ થાયેરે. પુત્ર. કીયારે૦ ॥૧૦॥ અપ્રિય વાચા સુણીને માતાની, કોણિક ત્યાંથી જાયે; બંધનથી મુકત કરવા પિતાને, પાંજરામાંથી છોડાવેરે; પુત્ર, કીયારે૦ ॥૧૧॥ પાસે આવતો પુત્ર દેખીને, શ્રેણીક મનમાં

ડરીયો; તાલકુટ મુદ્રિકા મુખથી ચુસીને, રાજાએ કાળ ત્યાં કરીઓરે; પુત્ર કીયારે૦ ॥૧૨॥ મોહ ભરી આ દુનીઆ માંહિ, કોઈ કોઇનું નવિ હોય; ઉદયરત્ન કહે સુણો ભવિ પ્રાણી, શાશ્વતા સુખને જુઓરે; પુત્ર કીયારે ભવનું.॥૧૩॥

---

## શ્રી છત અછત બે બેનોની સજ્ઝાય.

છત અછત બે બેનડી, છતમાં આવે સહુ ધાય; વીરા કહી લીઓ વારણા, ભલે હોય તેરોરે ભાઈ. છત અછત૦ ॥૧॥ એક માની બે બે દીકરી, એકને ખમ્મા ખમ્મા થાય; એકને પીવા નહિ રાબડી, રાંકડી દુ:ખમાં રીબાય. છત અછત૦ ॥૨॥ અછત લાગે, અળખામણી, કરે જીવને ઉદાસ; સગીરે બેની તેની વાલહી, નાવે બંધુ પાસ. છત અછત૦ ॥૩॥ અછતમાં બેનીએ ઠેરાવીઓ, ચુલા તણો કુંકનાર; ભીજબાની કરી ચોળા પીરસી, કાઢયો વીર નીરધાર. છત અછત૦ ॥૪॥ અછતમાં નાથ કુવે નાંખીયો, પીયરે વસી ગઇ બાઈ; છતમાં નારી તે નાથને, કરતી વસ્ત્રથી છાંઈ. છત અછત૦ ॥૫॥ સહોદર ઘેર ગઇ બેનડી, દુષ્ઃનાં દિવસો જોઈ; માન ન પામી ભોજાઇ ભાઈથી, ચાલી દુખણી તે રોઈ. છત અછત૦ ॥૬॥ જમાઈ કાઢયો ઘર બારણે, જો ન હોય પાસે અર્થ; છેહ દીયોરે સાસુ સસરે, અર્થ વિણ ઘણી વ્યર્થ. છત અછત૦ ॥૭॥ નિર્ધન સધન સરખા ગણે, તે તો જૈનના અણગાર; પદ્મવિજય કહે તેહને; વંદુ વાર હજાર. છત અછત૦ ॥૮॥

## શ્રી અધ્યાત્મની સજ્ઝાય.

નાવમાં નદીયાં ડુબી જાય, મુજ મન અચરિજ થાય; કીડી ચાલી સાસરે ને, સો મણુ સુરમુ સાથ; હાથી ધરીયો હાદમાં, ઉંટ લપેટયો જાય. નાવમાં૦ ॥૧॥ કચ્ચા ઇંડા બોલતા, બચ્ચા બોલે ના; ષટ્ દર્શન મેં સંશય પડીઓ, તેજ મુક્તિ મીલ જાય. નાવમાં૦ ॥૨॥ એક અચંબો એસો દેખ્યો; મછલી ચાવે પાન; ઉંટ બજાવે બંસરી ને, મેંડક જોડે તાન. નાવમાં૦ ॥૩॥ એક અચંબો એસો દેખ્યો, મુડદો રોટી ખાય; મુખસે તો બોલે નહિ ને, ડગ ડગ હસતો જાય. નાવમાં૦ ॥૪॥ બેટી બોલે બાપને, ત્રિણુ જાયો વર લાય; વિણુ જાયો વર ના મિલે તો, મુંજ શું ફેરા ખાય. નાવમાં૦ ॥૫॥ સાસુ કુંવારી વહુ પરણેલી, નણુદલ ફેરા ખાય; દેખણુ વાલી હુલર જાયો, પાડોસણુ હુલરાય. નાવમાં૦ ॥૬॥ એક અચંબો એસો દેખ્યો, કુવામાં લાગી લાય; કચરો કર કટ સબહી બલી ગયો, પણુ ઘટ ભર ભર જાય. નાવમાં૦ ॥૭॥ આનંદઘન કહે સુણુ ભાઈ સાધુ, એ પદસે નિરવાણુ; ઇસ પદકા કોઇ અરથ કરેગા, સિદ્ધ સાધે કલ્યાણુ. નાવમાં૦ ॥૮॥ સંપૂર્ણ

---

## શ્રી વણિક સ્વરૂપ સજ્ઝાય.

વાણીયો વણુજ કરે રે, ઓછું આપીને મકલાયે; ગ્રાહક દેખીને ઘેલો થાયે, બેસો બેસો કહકે; ત્રાજુવાને

ટક્કર મારી, પૈસો જુંઠી લેકે. વાણીઓ૦ ॥૧॥ વ્યાહ કરે ધન વાવરે રે, પાલખી લેવા જાય; એ બદામને કારણે વાણીઓ, સો સો ગાલી ખાય. વાણીઓ૦ ॥૨॥ દીસન્તો તો વ્યવહારીઓ રે, કંઠે સોવન કંઠી, ધોતીનો જે ઢાલ પડયો છે, એહની વેલા વંઠી. વાણીઓ૦ ॥૩॥ આઈ માઈ કાકો મામો, બોલાવે બહુમાન; મુખનો મીઠો દિલનો ધિઠો; જોવો એ બગ ધ્યાન. વાણીઓ૦ ॥૪॥ ઢીલી ધોતી પહેરણે રે, ઢીલા બોલે બોલ; વગડા માંહે ચોર મિલે તો, ધોતી નાંખે ખોલ. વાણીઓ૦ ॥૫॥ લાભ દેખીને લોભી થાવે, હલ ફલ થઈને હરખે; લેમાં આવ્યો લૂસી લેવે, પાપ કરમ નવિ પરખે. વાણીઓ૦ ॥૬॥ કૂડા તોલા માપ કરીને, ધાનમાં નાંખે ધૂડ; લાખાં ગાંડા લાચ કીને, કોડાં ગાડાં કૂડ. વાણીઓ૦ ॥૭॥ પાપડ ખાય પદમસી થઈને, બેઠો ફાંદ પંપાલે; ઘરનો કજીઓ ધરમમાં ઘાલે, દેખો નિપટ નિટોલે. વાણીઓ૦ ॥૮॥ અસંખ્યાતા જીવને ઘાતે, કોડી એક કમાય; આરંભે અભિમાને ખરચી, રોમ રોમ પોમાય. વાણીઓ૦ ॥૯॥ રાજવીઆને રેવંત વાલી, કલંબી વાલી જાત; મીયાને તો પાતર વાલા, વાણીયાને વાલી વાત. વાણીઓ૦ ॥૧૦॥ પાપ કરંતા પાછું ન જોવે, સો સો સોગન ખાય; કહે કયારે હું જૂઠ ન બોલું, જીમ તિમ ભેલો થાય. વાણીઓ. ॥૧૧॥ ચું કરવાને આગબો રે, ચું કરવાને નીમ; કામની વેલા કીકલો રે; ખાવા વેલાં ભીમ. વાણીઓ૦ ॥૧૨॥ ખ્યાલ તમાસા ખાન્તે જોવે, ધર્મ ધ્યાન નવિ જાણે, ધર્મની વેલા ધન નવિ ખરચે, વાતોં વાતા

તાણે. વાણીઓ. ॥૧૩॥ સૂરિ વિજય રાજેન્દ્ર સભાની, વાણી ન ધરે કાને, ધન મુનિ કહે એહવા વાણીયા, નિશ્ચય નરકને ઠાને. વાણીઓ૦ ॥૧૪॥ સંપૂર્ણ.

## શ્રી મુંજી શ્રાવકની સજ્ઝાય.

હું તો મુંજી સાહુકાર, પૈસો ખરચું નહિ લગાર, સાધુ સંત કે પાસ કબુ ન જાઉં, ટોકે વારંવાર, સમકિત લે લે લાભ લુંટ લે, સુણતાં જાગે ખાર. હું તો મુંજી૦ ॥૧॥ દહિં દુધ તો કબુ ન ખાઉં, જો ખાવું તો છાશ, એક વાર જો વસ્ત્ર પહેરૂં તો, વરસ ચલાવું ચાર. હું તો મુંજી. ॥૨॥ મુંજી કે ઘર વ્યાવર હોવે, ઘર નારીયા સમજાવે, ઘરકી મીલ કર ગીત ગાઇઓ, પતાસી બચી જાય. હું તો મુંજી૦ ॥૩॥ મરી જાઉં તો શીખાઇ જાઉં કુટુંબને, દાન પુન્ય નહિ કરના, નહિ ખાના નહિ ખરચના, જોડ જમીન બિચ ધરના. હું તો મુંજી૦ ॥૪॥ કોડી કોડી સંચય કરકે, પરભવ લીધો લાર, રિદ્ધિસાગર કહે કરજોડીને વિનવું, એસી લીની ધાર. હું તો મુંજી. ॥૫॥ સંપૂર્ણ

## શ્રી ફોગટ નામ શ્રાવકની સજ્ઝાય.

શ્રાવક ફોગટ નામ ધરાવે, દિલમાં દયા જરા નહિ લાવે, હોકો તંબાકુ ચિલમ સુંગી પાયેરે, એતો કંદ મૂલ કર કર ખાવે; ભક્ષ અભક્ષકા ભેદ ન જાણે, ઈણને ભાંગકા રગડા ભાવે. શ્રાવક૦ ॥૧॥ અણ છાણ્યા પાણીમેં પડે,

જાણે ભેંસા રોલ મચાવે; હોલીયામેં ખેલેને મેરિયામેં ગાવે, એને જરા શરમ નહિં આવે. શ્રાવક૦ ॥૨॥ શ્રાવણ ભાદ્રવો આયોરે, વારિયો તો ડુંગર ચઢ ચઢ જાવે; કીડી ગજૈયા ગધેડા મારે, એતો ગોંઠો કર કર ખાવે. વાણીઓ૦ ॥૩॥ ષટ પર્વિકા ત્યાગ ન જાણે, એતો ધરમ શાલામાં નહિ આવે, પરનારી શું પ્રીત લગાવે, એતો વેસ્યા તણે ઘર જાવે. શ્રાવક૦ ॥૪॥ સુકા ખાવેને ગડ સાખાં ભરે, યો સંગત પંચ બન જાવે; છોટાને તો મહોટો મારે, એતો મરીને દુર્ગતિ જાવે. શ્રાવક૦ ॥૫॥ સલિયાં ગલિયાં અનાજ ખરિદે, એતો પાપ શું પિંડ ભરાવે; ઇણે ભવમેં લાલચ કરે, પર ભવમેં ગોતા ખાવે૦ ॥૬॥ આખો દિન ધંધામેં ખોયો, સાંજ પડીયા રોટી ખાવે, કીડી કમેડી મોર કાગલા, રાત સુંગ નહિં જ ખાવે. શ્રાવક૦ ॥૭॥ અમલ બંદ્દાવે પેટ ચંપાવે, ચોનિલ ફુલ મસાવે; જીવ અજી-વકા ભેદ ન જાણે, વોતો મરીને નીચ ગતિ જાવે. શ્રાવક૦ ॥૮॥ સાગર ચંદ્ર કહે સુણ ભાઇ શ્રાવક, જીવ દયા મન આવે; તો ભવ સાગર પાર તરીને, મુક્તિ નગરીમાં જાવે. શ્રાવક૦ ॥૯॥

---

## શ્રી દીવાળી પર્વની સજ્ઝાય.

ગાવો ગીત વધાવો ગુરૂને, મોતીડે ચોક પુરાવો; ચાર ચાર સોહાગણ ચતુરાશું આવ્યા, ગાવો ગીત રસાળીરે, આજ મારે દીવાળી અજવાળી૦ ॥૧॥ આજતો મારે ઘન

તેરસને, તે દિન રૂડા સારા; ભરત ચક્રવર્તી છ ખંડ સાધ્યા, આવ્યા તે શુદ્ધ શાલીરે. આજ૦ ॥૨॥ કાલે તો મારે કાળી ચૌદસ, તે દિન રૂડા સારા; પાપ આલોઈ ને પોસારે કીધાં, કરમને મેલ્યાં ટાળીરે. આજ૦ ॥૩॥ અમાસને દિન પર્વ દિવાળી, ફરતી ઝાક ઝમાળી; જ્ઞાન તણા દીવડીયા ઝળકે, રાત દિસે રઢિઆળી. આજ૦ ॥૪॥ અમાસની પાછલી રાતે, આઠ કરમ ક્ષય કીધાં; શ્રી મહાવીર નિર્વાણે પહોત્યા, ગૌતમ કેવલ જ્ઞાનીરે. આજ૦ ॥૫॥ પડવેને દીન ઝાર પટોળા, એ રીત રૂડી સારી; ગુરૂ ગૌતમના ચરણ પખાળી, રઢ પામો રઢી આળીરે. આજ૦ ॥૬॥ બીજને દીન ભાવલ બીજડી, બહેનીને અતિ વહાલી; બેનીએતો બંધવ નોતરીયા, જમવા સેવ સુંવાળીરે. આજ૦ ॥૭॥ એવીરે દીવાળી કોણેરે કીધી, કેણ સંસારથી તરીયા; મહાવીર સ્વામીના શિષ્ય ગૌતમ સ્વામી, સુધર્માસ્વામી અણગારીરે. આજ૦ ॥૮॥ એ પાંચે દિન હોય પનોતા, એવા એવા હરખે ગાઈ રે, હરખ મુનિએ કહી દીવાળી, આણી ભવ અપારીરે. આજ૦ ॥૯॥ સંપૂર્ણ.

---

## શ્રી પેટ વિષે જીવ કેવા કેવા કાર્ય કરે છે તે વિષે સજ્ઝાય.

પેટ કરાવે વેઠ, પેટ વાજાં વગડાવે; પેટ કરાવે ખેલ; પેટ મજુરી કરાવે. ॥૧॥ પેટ કરાવે લુંટફાટ, પેટ

પરધન લુંટાવે; પેટ કરાવે લુચ્ચાઈ, પેટ જુગારી થાવે૦ ॥૨॥ પેટ મંગાવે ભીખ, પેટથી મુંઢ કહાવે; પેટ કરાવે, પ્રપંચ, ઉંચ થઈ નીચમાં જાવે૦ ॥૩॥ જીવ કરે બહુ પાપ, ભવોભવ દુઃખી થાવે; જીવને થાએ બહુ ક્રોધ, મરીને નરકે જાવે૦ ॥૪॥ જીવ કરે વલી ધર્મ, ઉંચ કુલ થઈ દેવજ થાવે; જીવ લહે ચારિત્ર, સાધુ થઇ મોક્ષે જાવે૦ ॥૫॥ માટે કહે છે મુનિ દુર્લભ, પાપને નિવારજો; સર્વે જીવો ધર્મ કરજો, આત્માને તારજો૦ ॥૬॥

---

## શ્રી ઉપદેશક સજઝાય.

હાથસે હીરા ગમાયો; ધર્મ વિના હાથસે હીરા ગમાયો. વિષય કષાય કે પાસમેં પડકે, જીવ તું બહોત મુંઝાયો. ધર્મ૦ ॥૧॥ જન્મ મરણકી ભારે વિપત્તિયાં, અજ્ઞાન હોકે ફસાયો, ધર્મ૦ ॥૨॥ સદ્‌ગુરૂકા તુને સંગ ન પાયો, કુગુરૂ નાગ ડસાયો. ધર્મ ॥૩॥ કુગુરૂ ઔર કુધર્મમેં પડકે, આતમ ગુણ તે નસાયો. ધર્મ૦ ॥૪॥ સોચ સમજકે બુરી જગમાયા; ત્યાગમેં દિલ ન વસાઓ. ધર્મ૦ ॥૫॥ ચાર ગતિકી ભંવરમેં લૈયા, યુંહિ કયું નાવ ડુબાયો, ધર્મ૦ ॥૬॥ આત્મા કમલમેં ચરણ પ્રભાવે, લબ્ધિસૂરિ સુખ પાયો. ધર્મ ॥૭॥

---